આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા (ઓછા-વત્તા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૨ માર્ચ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પૂછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો.

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

### સત્સંગ શિક્ષણ પરીક્ષા

# પૂર્વ કસોટી : સત્સંગ પ્રાજ્ઞ ખંડ - ૧ : પ્રશ્નપત્ર - ૧

જાન્યુઆરી, ૨૦૧૪ | સમય : સવારે ૯ થી ૧૨ | કુલ ગુણ : ૧૦૦

स्वामिनारायण
BAPS

**ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહીનું ફક્ત આ પૃષ્ઠ જ પરત મોકલવું.**

**☞ પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે 'બારકોડ' દર્શાવેલ છે, તેને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

**☞ ફરજિયાત : પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત ☜**

**વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહિ.**

પરીક્ષાર્થીની જન્મ તારીખ — તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષાર્થીનો અભ્યાસ ..............................................

પરીક્ષાર્થીના જ નામવાળી જવાબવહી અને ઉપરની ફરજિયાત ભરવાની તેની જ વિગતોની સત્યાર્થતા ચકાસીને વર્ગસુપરવાઇઝરે સહી કરવી.

**વર્ગસુપરવાઇઝરની સહી** ..............................................

**☞ નીચે દર્શાવેલી સૂચનાઓ વાંચવા ખાસ વિનંતી :-**

૧. મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલા પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર પોતાના જ નામવાળી જવાબવહી ઉપર વર્ગસુપરવાઇઝરની સહી કરાવી લે.

૨. જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નોના ગુણાંક દર્શાવે છે.

૩. પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં. અસ્પષ્ટ અને ઉકેલી ન શકાય તેવા જવાબો માન્ય ગણાશે નહિ.

૪. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના કે પુરવણી જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.

૫. **પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા ફક્ત કાળી શાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શાહીથી અથવા એકથી વધારે શાહીથી લખેલા ઉત્તરો માન્ય ગણાશે નહીં.**

૬. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય.

૭. **પરીક્ષાખંડની બહાર** કે અન્ય તમામ પરીક્ષાર્થીઓથી અલગ કે પરીક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને આપેલી પરીક્ષા માન્ય ગણાશે નહિ.

૮. **પરીક્ષાખંડમાં પરીક્ષા દરમ્યાન** કોઈ પણ પરીક્ષાર્થીએ મોબાઈલ ફોન તથા ઇલેક્ટ્રોનિક સાધનો જેવાં કે ટેબ્લેટ, લેપટોપ વગેરેનો ઉપયોગ કરવો નહિ તથા પોતાની પાસે રાખવા પણ નહિ.

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૧ (૪) | |
| | ૨ (૪) | |
| | ૩ (૪) | |
| | ૪ (૪) | |
| | ૫ (૯) | |
| વિભાગ - ૧, કુલ ગુણ (૨૫) | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૬ (૧૨) | |
| | ૭ (૮) | |
| | ૮ (૧૨) | |
| | ૯ (૮) | |
| વિભાગ - ૨, કુલ ગુણ (૪૦) | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૧૦ (૫) | |
| | ૧૧ (૬) | |
| | ૧૨ (૩) | |
| | ૧૩ (૬) | |
| | ૧૪ (૧૫) | |
| વિભાગ - ૩, કુલ ગુણ (૩૫) | | |

પેપર તપાસનાર(પરીક્ષક)ની સહી

..............................................

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . .

ચેકર - નામ

ફક્ત ગેરહાજર પરીક્ષાર્થીઓ માટે જ નીચેની લીટીવાળા ભાગથી કાપીને 'બારકોડવાળું' ફક્ત આ એક ૪ પૃષ્ઠ, પત્રક - A તથા પત્રક - B જોડે ભૂલ્યા વગર પરત મોકલવું.

## વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્ર. ૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. ભગવાનના ભક્તે ભગવાનનું સ્વરૂપ કેવી રીતે સમજવું અને બીજા આગળ શી વાર્તા કરવી ?

..........................................................................................................................................

..........................................................................................................................................

૨. સર્વ સાધન કરતાં કયું સાધન મોટું છે ?

૩. સ્નેહનું શું રૂપ છે ?

૪. ક્યારે નારદ સનકાદિકની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાશે ?

**પ્ર. ૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. પંચાળા - ૭ પ્રમાણે માયિક દૃષ્ટિની નિવૃત્તિનો શો ઉપાય છે ?

૨. ગ. પ્ર. ૪૭ પ્રમાણે કોને પરમ ભાગવત કહીએ અને કોને એકાંતિક ભક્ત કહેવાય ?

૩. કોને જ્ઞાનપ્રલય કહેવાય ?

૪. નૈમિષારણ્ય ક્ષેત્ર કયે ઠેકાણે જાણવું ?

( ) ..........................................................................................................................................

☞ **આ પ્રશ્નપત્રમાં પ્રશ્નની નીચે આપેલી કોરી લીટીઓ ફક્ત નમૂનારૂપે દર્શાવી છે. મુખ્ય પરીક્ષામાં પ્રશ્નના ગુણ પ્રમાણે પ્રતિ વર્ષની જેમ જ, કુલ ૧૬ પાનામાં જરૂરિયાત મુજબ કોરી લીટીઓ આપવામાં આવી છે.**

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

**પ્ર. ૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. નાવ અને સમુદ્ર

૨. શ્રીકૃષ્ણ ભગવાનની સોળ હજાર ને એકસો સ્ત્રીઓના દૃષ્ટાંતે જીવની મતિ.

૩. અનુતાપ - પરિતાપ

( ) ..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

**પ્ર. ૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં)** [૪]

૧. નાથ ભક્તે દીકરો મર્યો ત્યારે જરાય શોક કર્યો નહિ.

૨. પર્વતભાઈએ દાળિયા ફાકીને મહારાજની મૂર્તિનું જ સુખ લીધું.

૩. 'મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય.'

૪. શિશુપાળે શ્રીકૃષ્ણ ભગવાનમાં દોષ કલ્પી સો ગાળો દીધી.

( ) **સંદર્ભ :** ........................................................................................................

........................................................................................................

........................................................................................................

**સમજૂતી :** ........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

**પ્ર. ૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો.** [૯]

૧. તેમ એ ઈન્દ્રિયો ........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................ સર્વે વ્યર્થ થઈ જાય.

૨. માટે દેહને દેહના ...... તે સાધુ કહેવાય છે.

૩. આત્મનિષ્ઠા તો હોય ...... ભક્ત નથી પામતો.

**વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૧ અને ૨' - નવી આવૃત્તિના આધારે**

**પ્ર. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. નીલકંઠવર્ણીનું વ્યક્તિત્વદર્શન ('પૂર્વ બંગાળમાં' થી 'દક્ષિણની યાત્રા' સુધીના જ પ્રસંગો)

૨. અનાસક્ત નીલકંઠવર્ણી ('નેપાળમાં' થી 'સૌરાષ્ટ્રના ભાવભીના પ્રદેશમાં' સુધીના જ પ્રસંગો)

૩. વનવિચરણમાં નીલકંઠવર્ણીએ મૂર્તિપૂજાનું કરેલું સમર્થન ('દિવ્ય વનવિચરણ' થી 'નેપાળમાં' સુધીના જ પ્રસંગો)

( ) ........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

**પ્ર. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા) [૮]**

૧. ઘનશ્યામનું મહાપ્રસ્થાન

૨. સ્પષ્ટવક્તા ઘનશ્યામ ('પુરુષોત્તમનું પ્રાગટ્ય અને બાળલીલા' અને 'અયોધ્યાની પુણ્યભૂમિમાં' સુધીના જ પ્રસંગો)

૩. નિર્માની નીલકંઠવર્ણી

(   ) **પ્રસંગ - ૧ :** ..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

**પ્રસંગ - ૨ :** ..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

**પ્ર. ૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું) [૧૨]**

૧. દીવાલમાં નહીં ધર્મમાં છિદ્ર છે.

૨. સુંદરજી સુથારની કસોટી

૩. ધ્યાન સગુણ કે નિર્ગુણ ?

૪. રઘુનાથદાસને વિમુખ કર્યા.

૫. રાજપૂત ડુંગરજીભાઈ શ્રીહરિનાં દર્શને.

(   ) ..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

**મનન :-** ..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

**પ્ર. ૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. સુખાનંદ સ્વામી        ૨. લખુચારણ (લોઢવા)

(    ) ..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

**વિભાગ - ૩ : 'ધાર્મિક વિધાનો અને ભાવનાઓ' - નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્ર. ૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. કયા ભાવરૂપે તુલસીકાષ્ઠની કંઠી ગળામાં ધારણ કરવામાં આવે છે ?

..................................................................................................

..................................................................................................

૨. તિલક-ચાંદલો કરવાથી શાનું જાણપણું રહે છે ?

૩. એકલવ્ય શાના દ્વારા અજોડ બાણવીર બન્યો હતો ?

૪. પૂજા માટે કેવું સ્થળ પસંદ કરવું જોઈએ ?

૫. ઘરસભા શાનો સેતુ છે ?

**પ્ર. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૬]

૧. સત્સંગ સભા માટે ગુરુવર્યો શું કહે છે ?

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

૨. ઘરમંદિરમાં નિત્યપૂજા કરી લઈએ તો ?

૩. 'સ્વામિનારાયણ' મંત્ર કેવી રીતે ગણાય છે ?

**પ્ર. ૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ એકનો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં)** [૩]

૧. પ્રદક્ષિણા શું છે ? શા માટે ?

૨. નિત્યપૂજા વ્યક્તિગત શા માટે ?

( ) ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**પ્ર. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદર થી વીસ લીટીમાં)** [૬]

૧. સત્સંગ સભાનું મહત્ત્વ શું છે ? સત્સંગ સભા સમાજને કેટલી ઉપયોગી છે ?

૨. માળામાં ૧૦૮ મણકા શા માટે રાખવામાં આવે છે ?

( ) ..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

પ્ર. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ)
(પાંત્રીસ થી ચાલીસ લીટીમાં) [૧૫]

૧. નેશનલ યુવા કન્વેન્શન ૨૦૧૩ : નોર્થ અમેરિકા (સ્વામિનારાયણ પ્રકાશ - ઑગસ્ટ - ૨૦૧૩, પા. નં. ૨૬ થી ૩૩)
૨. દર્શન : પ્રભુની સાક્ષાત્ અનુભૂતિનું શ્રેષ્ઠ માધ્યમ (સ્વામિનારાયણ પ્રકાશ - જુલાઈ - ૨૦૧૩, પા. નં. ૧૫ થી ૧૭)
૩. બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ ષષ્ઠિપૂર્તિ મહોત્સવ (સ્વામિનારાયણ પ્રકાશ - ફેબ્રુ-માર્ચ - ૨૦૧૩, પા.નં. ૨૦ થી ૨૮)

( ) ..........................................................................................

..........................................................................................

..........................................................................................

☞ **પછીના પૃષ્ઠોમાં ઉપરોક્ત ત્રણેય નિબંધ દર્શાવેલ છે.**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**અગત્યની નોંધ :-**

**ઉપરોક્ત પ્રશ્નપત્રમાં પ્રશ્નની નીચે આપેલી કોરી લીટીઓ ફક્ત નમૂનારૂપે દર્શાવી છે. મુખ્ય પરીક્ષામાં પ્રશ્નના ગુણ પ્રતિ વર્ષની જેમ જ, કુલ ૧૬ પાનામાં જરૂરિયાત મુજબ કોરી લીટીઓ આપવામાં આવી છે.**

* * *

☞ **અગત્યની જાહેરાત** તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી **website** - **link** પરથી જૂનાં વર્ષોના પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**

આગામી વર્ષે ૨ માર્ચ, ૨૦૧૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષાની પૂર્વતૈયારી માટે મુકાતા **પ્રી-ટેસ્ટના સંપૂર્ણ પ્રશ્નપત્રો હંમેશ મુજબ જાન્યુઆરીમાં (1st January, 2014ના રોજ) મુકાશે.** નિબંધ એ સામાન્ય જ્ઞાન સહિત મુક્ત વિષય હોય છે, જે અભ્યાસક્રમના પુસ્તકોમાંથી પૂછાતા નથી. આથી પરીક્ષાર્થીઓ નિબંધની તૈયારી સારી રીતે કરી શકે તે હેતુસર આપણે વહેલાસર ફક્ત તે યાદી આપની સમક્ષ મૂકી છે.

## પ્રી-ટેસ્ટના નિબંધોની યાદી - List of Pre-test Essays

### પ્રાજ્ઞ - ૧ - ૧ (Pragna-1-1)

૧. નેશનલ યુવા કન્વેન્શન ૨૦૧૩ : નોર્થ અમેરિકા (સ્વામિનારાયણ પ્રકાશ - ઓગસ્ટ - ૨૦૧૩, પા.નં. ૨૬ થી ૩૩)
૨. દર્શન : પ્રભુની સાક્ષાત્ અનુભૂતિનું શ્રેષ્ઠ માધ્યમ (સ્વામિનારાયણ પ્રકાશ - જુલાઈ - ૨૦૧૩, પા.નં. ૧૫ થી ૧૭)
૩. બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ ષષ્ઠિપૂર્તિ મહોત્સવ (સ્વામિનારાયણ પ્રકાશ - ફેબ્રુઆરી-માર્ચ - ૨૦૧૩, પા.નં. ૨૦ થી ૨૮)

પરીક્ષાર્થી શ્રી,
સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ

**સત્સંગ શિક્ષણ પરીક્ષા માર્ચ ૨૦૧૪ના નિબંધોની પૂર્વ તૈયારી માટે નીચે જણાવેલ માર્ગદર્શન અને સૂચનો ધ્યાનમાં લેવા વિનંતી.**

૧. નિબંધ એટલે કોઈ નિશ્ચિત વિષય ઉપર વ્યવસ્થિત, ચિંતનપૂર્વક અને મુદ્દાસરનું લખાણ. સત્સંગ શિક્ષણ પરીક્ષામાં પૂછાતા નિબંધો સામાન્ય જ્ઞાનના આધારે, પરીક્ષાર્થીના દૈનિક જીવનમાં સત્સંગના સદ્‌વાંચન અને કથા શ્રવણ અને મનન દ્વારા પ્રાપ્ત થયેલ જ્ઞાનની કસોટી કરતા ૩૫ થી ૪૦ લીટીમાં લખવાના હોય છે.

૨. પરીક્ષાર્થીઓની માગણીને માન આપીને આ વર્ષે પ્રી-ટેસ્ટમાં પૂછાનાર નિંબધોના વિષયો છ માસ અગાઉથી પરીક્ષાર્થીના એકાઉન્ટમાં અપલોડ કરવામાં આવ્યા છે.

૩. પ્રી-ટેસ્ટમાં જે તે પરીક્ષામાં પૂછાનાર નિબંધોના ત્રણે ત્રણ વિષયો આપવામાં આવ્યા છે. માર્ચ ૨૦૧૪ની ફાઈનલ પરીક્ષામાં આ ત્રણ વિષયોમાંથી કોઈપણ એક નિબંધ ચોક્કસપણે પૂછાશે જ. માટે જો આપ આ ત્રણે ત્રણ વિષયો તૈયાર કરશો તો આપ ચોક્કસપણે એક નિબંધ મુખ્ય પરીક્ષામાં ખૂબ જ સારી રીતે લખી શકશો.

૪. આ નિબંધોનું સામાન્ય બંધારણ, લખાણ(મેટર) મોટાભાગે ત્રણ - ચાર વર્ષ દરમ્યાનના સમયગાળામાં પ્રકાશિત થયેલ 'સ્વામિનારાયણ પ્રકાશ'માંથી લેવામાં આવે છે.

૫. અહીં આપેલા નિબંધોનું લખાણ કેવળ દિશા સૂચક છે. આ જ લખાણ ગોખીને પરીક્ષામાં લખવાની જરૂર નથી. આથી વિશેષ સારા મુદ્દાઓનું ચિંતન-મનન કરી આપની રીતે પૂર્વ તૈયારી કરીને લખી શકો છો.

૬. **ગુજરાતી માધ્યમ (ભાષા) સિવાયના પરીક્ષાર્થીઓ માટે :** આ નિબંધોનું મૂળ પ્રકાશન ગુજરાતી ભાષામાં જ હોવાથી તેનું શબ્દશઃ ભાષાંતર ન કરતાં, તેનો ભાવાર્થ સમજીને પરીક્ષાર્થીએ પોતાની રીતે સમજીને તૈયારી કરવાની રહેશે. પરીક્ષા કાર્યાલય અંગ્રેજી કે હિન્દી ભાષામાં આ નિબંધોનું ભાષાંતર આપી નહિ શકે. તેથી ભાષાંતર કરવા અંગેનો પત્રવ્યવહાર કે ઈ-મેલ પણ પરીક્ષા કાર્યાલયને કરશો નહિ તેવી નમ્ર વિનંતી છે.

૭. ગુજરાતી ભાષા વાંચી, લખી કે બોલી ન શકતા હોય તેવા પરીક્ષાર્થીઓએ માતા-પિતા, વડીલો કે અન્ય સ્વજનો-સ્નેહીઓ પાસે વંચાવીને નિબંધનો ભાવાર્થ સમજી પોતાની રીતે, પોતાના શબ્દોમાં લખીને તૈયારી કરવાની રહેશે.

૮. One essay from the above list of essays will be asked in the Final Examination of March-2014.

# પ્રાજ્ઞ-૧

## (૧)

## નેશનલ યુવા કન્વેન્શન : નોર્થ અમેરિકા

ભારતીય સંસ્કૃતિએ હંમેશાં આધ્યાત્મિકતાને જીવનની મુખ્ય ધરી બનાવી છે. આ આધ્યાત્મિકતાનું શિખર એટલે એકાંતિક ધર્મ. ૧૮મી સદીમાં સર્વત્ર સર્વ ક્ષેત્રે અંધકાર અને અરાજકતાનું સામ્રાજ્ય હતું ત્યારે પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણે એકાંતિક ધર્મનો શાશ્વત માર્ગ ચીંધ્યો અને એકાંતિક ધર્મ કાયમ રહે તે માટે પરમ એકાંતિક સત્પુરુષની પરંપરા આપી. એ પરંપરાના ધારક પરમ એકાંતિક સત્પુરુષ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી નોર્થ અમેરિકાની બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના ચુનંદા યુવક-યુવતીઓનું નેશનલ કન્વેન્શન યોજાઈ ગયું. એકાંતિક ધર્મના પાઠ શીખવા છે અને સર્વત્ર ઉત્તમ આધ્યાત્મિક મૂલ્યો પ્રસરાવવાં છે - એવા ઉમદા ઉદ્દેશો સાથે આ નેશનલ કન્વેન્શનને માણવા ઠેર-ઠેરથી યુવક-યુવતીઓ બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર, એટલાન્ટા, યુ.એસ.એ.ના પરિસરમાં ઊમટ્યા ત્યારે એક ઇતિહાસ રચાઈ ગયો...

પોપ્યુલર કલ્ચરના ભીષણ આક્રમણ સામે યુવા પેઢીમાં ભારતીય સંસ્કાર અને એકાંતિક ધર્મ ટકાવવો એક બહુ મોટો પડકાર છે. સામાજિક પ્રશ્નોએ પણ માઝા મૂકી છે. લગ્ન જેવી પવિત્ર સંસ્થા ઉપર પણ કુઠારાઘાતો થઈ રહ્યા છે. યૌવનના થનગનતા ઘોડા દિશાહીન બની દોડી રહ્યા છે. સત્ય અને અસત્ય વચ્ચેની ભેદરેખા પાતળી થઈને ભૂંસાઈ જવાના આરે આવી છે. આવા કપરાકાળમાં પરમ એકાંતિક સત્પુરુષ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે યુવાનોમાં એકાંતિક ધર્મનું પ્રત્યારોપણ કર્યું છે. સ્વામીશ્રીના આ કાર્યના ભાગરૂપે આ નોર્થ અમેરિકાની બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના ચુનંદા યુવક-યુવતીઓનું નેશનલ કન્વેન્શન યોજાઈ ગયું. એકાંતિક ધર્મના પાઠ શીખવા છે, પરમ એકાંતિક સત્પુરુષ સાથે દૃઢ પ્રીતિ કરવી છે, એકાંતિક બનવું છે, અને સર્વત્ર ઉત્તમ આધ્યાત્મિક મૂલ્યો પ્રસરાવવાં છે - એવા ઉમદા ઉદ્દેશો સાથે આ નેશનલ કન્વેન્શનને માણવા ઠેર-ઠેરથી યુવક-યુવતીઓ બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર, એટલાન્ટા, યુ.એસ.એ.ના પરિસરમાં ઊમટ્યાં હતાં.

જુલાઈ ૧૧ થી ૧૩ દરમ્યાન નોર્થ અમેરિકાનું આ બી.એ.પી.એસ. યુવા નેશનલ કન્વેન્શન પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી શાનદાર રીતે ઊજવાઈ ગયું.

પૂજ્ય મહંત સ્વામી, પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી, પૂજ્ય બ્રહ્મદર્શનદાસ સ્વામી વગેરે સંતોની ઉપસ્થિતિમાં ભવ્યતાપૂર્વક ઊજવાયેલા આ કન્વેન્શનમાં નોર્થ અમેરિકા - કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડના બી.એ.પી.એસ. પરિવારનાં કુલ ૧૯૦૦થી વધુ યુવક-યુવતીઓએ ભાગ લઈ જીવન ઘડતરનું અમૂલ્ય માર્ગદર્શન મેળવ્યું. આ ઉપરાંત ૫૫૦ કરતાં વધારે સ્વયંસેવકોએ સમગ્ર કન્વેન્શનની સફળતા માટે અથાક સેવા દ્વારા સમગ્ર કન્વેન્શનને યાદગાર બનાવ્યું. કન્વેન્શનના ત્રણ દિવસોમાં શિબિરાર્થીઓએ પ્રવચનો, સંવાદો અને દૃશ્ય-શ્રાવ્ય રજૂઆતો દ્વારા એકાંતિક ધર્મ શીખવા, જીવવા અને પરમ એકાંતિક સત્પુરુષ સાથે દૃઢ પ્રીતિ કરવા માટે માર્ગદર્શન મેળવ્યું. એકાંતિક ધર્મના ચાર આધારસ્તંભો : ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ વર્તમાનકાળમાં જીવનના દરેક ક્ષેત્રમાં કેવી રીતે પ્રસ્તુત છે તે સમજાવાયું.

■ **આગમન દિન : સંધ્યાસત્ર :**

તા. ૧૧મી જુલાઈના રોજ કન્વેન્શનનો પ્રારંભ થયો. રજિસ્ટ્રેશન બાદ વિશાળ નારાયણ સભાગૃહમાં સંતોએ ભગવાન સ્વામિનારાયણ અને પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની સ્તુતિ તથા ધૂન દ્વારા પ્રથમ સત્રનો પ્રારંભ કર્યો. સ્વામીશ્રીના સાંનિધ્યમાં ૧૯૯૬, ૨૦૦૦, ૨૦૦૪, ૨૦૦૭ અને પૂજ્ય ડૉક્ટર સ્વામીની ઉપસ્થિતિમાં ૨૦૧૦માં યોજાયેલાં નેશનલ કન્વેન્શનનાં સંસ્મરણો વાગોળતાં ત્રણ પાત્રો પ્રવક્તારૂપે મંચ ઉપર પધાર્યાં અને શિબિરનો વિષય પરિચય આપ્યો. એક વીડિયો દ્વારા પૂર્વ કન્વેન્શનમાં સ્વામીશ્રીએ આપેલી દિવ્ય સ્મૃતિ રજૂ થઈ. આ જ સમયે 'આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ...' કીર્તનગાનના સંગે પૂજ્ય મહંત સ્વામી અને સંતો મંચ ઉપર પધાર્યા, જ્યાં પૂજ્ય મહંત સ્વામીનું સ્વાગત

સમગ્ર નોર્થ અમેરિકા મંડળ વતી પૂજ્ય યજ્ઞવલ્લભદાસ સ્વામીએ કર્યું. પૂજ્ય સંતોનું અને મહેમાનોનું સ્વાગત કાર્યકરો દ્વારા કરાયું. 'Making satsang ours' અર્થાત્ ‘સત્સંગને આપણો બનાવીએ’ના વિષયને કેન્દ્રમાં રાખીને પૂજ્ય નીલકંઠસેવા-દાસ સ્વામીએ સત્સંગ પ્રત્યે મમત્વ જગાવવા સૌ શિબિરાર્થીઓને ઢંઢોળ્યા. ભગવાન સ્વામિનારાયણથી લઈને પ્રમુખસ્વામી મહારાજ સુધીના સમયમાં ભગવાન અને સંતનો વિશ્વાસ સંપાદિત કરનારા ભક્તોનાં ઉદાહરણો સાથે એકાંતિક બની શકાય છે તેવો વિચારપ્રેરક સંદેશ આપ્યો.

સત્સંગ, સત્પુરુષ અને એમના કાર્યને ‘આપણું’ બનાવવા માટે શ્રદ્ધા અનિવાર્ય અંગ છે તેવો સંદેશ આપતી વીડિયો દર્શાવાઈ. પૂજ્ય મહંત સ્વામીએ દીપ પ્રાગટ્ય દ્વારા શિબિરનો મંગળ પ્રારંભ કરાવ્યો. અંતમાં, સૌ શિબિરાર્થીઓએ ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં શિબિરનો સારામાં સારો લાભ મેળવી એકાંતિક બની શકાય તેવી પ્રાર્થના કરી.

**■ દ્વિતીય દિન : સવારનું સત્ર**

સવારના સત્રનો શુભારંભ આરતી દ્વારા થયો. ત્યારબાદ શિબિરના વિષય અને સંદેશને આવરતું ચોટદાર વીડિયો પ્રેઝન્ટેશન દર્શાવાયું. પૂજ્ય અમૃતનંદનદાસ સ્વામીએ સ્વામીશ્રી સાથેના સ્વાનુભવો અને અન્ય પ્રસંગોના આધારે સ્વામીશ્રીએ હેત, સંભાળ અને વિશ્વાસના માધ્યમથી કેવી રીતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ જીવનમાં સિંચ્યાં છે તેનું મનનીય પ્રવચન કર્યું. જુદી જુદી જીવન અને સત્સંગ વિષયક વસ્તુઓના નિદર્શન દ્વારા સત્સંગી જીવન અને સાંસારિક જીવનમાં ઐક્ય સાધવા માટે માર્ગદર્શન આપ્યું.

પૂજ્ય ત્યાગવત્સલદાસ સ્વામીએ એકાંતિક ધર્મનો ઇતિહાસ ભગવાન સ્વામિનારાયણના સમયથી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ જીવનના અંતિમ શ્વાસ સુધી એકાંતિક ધર્મના વિસ્તારમાં કેવું પ્રદાન આપ્યું છે તેની રજૂઆત કરી. આ ઐતિહાસિક ગાથાને આગળ વધારતાં પૂજ્ય અમૃતચરિત સ્વામીએ ‘Live like a scorpion and die like a butterfly’ પંચલાઈન દ્વારા બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે એકાંતિક ધર્મ કાજે કરેલા સમર્પણની ગાથા વર્ણવી. બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજે એકાંતિક ધર્મ કાજે પતંગિયાની જેમ હોમાઈ જવાની તત્પરતાથી અને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ઠાકરિયા વીંછીની જેમ મુમુક્ષુઓને ચટકા ભરી-ભરીને એકાંતિક ધર્મ પ્રવર્તાવ્યો તે પ્રસંગો દ્વારા સમજાવ્યું અને એકાંતિક ધર્મ કાજે સમર્પિત થવા હાકલ કરી.

એકાંતિક ધર્મ કાજે આવું જ સમર્પણ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા થયું છે - તેના પ્રત્યક્ષ સાક્ષી પૂજ્ય મહંત સ્વામીએ સ્વાનુભવો વર્ણવ્યા. પરમ એકાંતિક ગુરુ દ્વારા જ મુમુક્ષુના જીવનમાં એકાંતિક ધર્મના આધારસ્તંભોનું ઘડતર થાય છે તે પ્રસંગો દ્વારા સમજાવ્યું. આપણને પરમ એકાંતિક ગુરુ સ્વામીશ્રી મળ્યા છે માટે તેઓ સૌને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવશે જ તેવાં આશીર્વચન કહ્યાં. બાદ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના વીડીયો આશીર્વાદમાં સ્વામીશ્રીએ એકાંતિક ધર્મની સમજૂતી આપી. આપણે આ જ કરવાનું છે અને એના માટે શ્રદ્ધા અને વિશ્વાસથી મંડી પડવા માટે બળ પ્રેર્યું.

એકાંતિક ધર્મના આધારસ્તંભ વૈરાગ્યનો પરિચય એક વીડીયો દ્વારા આપવામાં આવ્યો. જેનું શીર્ષક હતું : ‘Upgrade your perception’ અર્થાત્ ‘તમારી સમજશક્તિને ઉન્નત બનાવો.’ યુવાવસ્થામાં મોજ-શોખનાં પ્રલોભનો ઘણાં છે, જે સત્સંગ, નિયમ-ધર્મ અને વિવેકમાં ગૌણતા લાવે છે જેનો વૈરાગ્ય દ્વારા પ્રતિકાર કરી શકાય છે - એવા સંદેશને સ્પષ્ટ કરતી રજૂઆત પૂજ્ય પૂર્ણજીવનદાસ સ્વામીએ કરી.

**■ બપોરનું સત્ર**

બપોરના સત્રમાં 'Truth is power' અર્થાત્ ‘સત્ય એ જ શક્તિ છે’ એ વિષય દ્વારા પરમ સત્ય ભગવાન અને સંતને જ જીવનમાં પ્રાધાન્ય આપીએ તો એકાંતિક ધર્મ સિદ્ધ થાય તેવો જ્ઞાનસંદેશ અપાયો. સૌપ્રથમ યુવકોએ સત્સંગ અને સ્વામીશ્રી સાથેના પ્રસંગો દ્વારા વિષય પુષ્ટિ કરી. ત્યારબાદ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી અને પૂજ્ય મહંત સ્વામીએ જીવનના કઠિન સંજોગોમાં સત્પુરુષને પ્રધાન રાખી ગુરુના કૃપાપાત્ર થવાનું માર્ગદર્શન આપ્યું. વૈરાગ્યના બે છેડા, સામાન્ય વૈરાગ્ય અને ઉચ્ચ કક્ષાનો વૈરાગ્ય સમજાવી પ્રસંગો અને શાસ્ત્રોનાં પ્રમાણોના આધારે પરમ એકાંતિક સંત દ્વારા અનુભવાતાં સાચા સુખની શક્તિનો પરિચય કરાવ્યો.

શિબિરની એક વિશેષતામાં, દરેક પ્રવચનના અંતે પ્રવચનના સંદેશને દૃઢાવવા માટે સૌ શિબિરાર્થીઓને પ્રશ્ન પૂછવામાં આવતો અને એક પ્રશ્ન વેબસાઈટ ઉપર મૂકવામાં આવતો જેનો શિબિરાર્થીઓ વેબસાઈટ ઉપર જઈ ઉત્તર આપતાં. અન્ય વિશેષતામાં દરેક સત્રની પરિચયાત્મક વીડીયો સત્રની શરૂઆતમાં બતાવવામાં આવતી અને પ્રવચનના અંતે વિષયને અનુરૂપ સ્વામીશ્રીના આશીર્વાદ પણ દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા દર્શાવવામાં આવ્યા હતા.

પૂજ્ય ચૈતન્યમૂર્તિ સ્વામીએ ‘Gods Technology’ વિષય ઉપર રજૂઆત કરી. કેટલાક વિચારો સમૂળગું પરિવર્તન લાવવા સમર્થ હોય છે - તેવાં દૃષ્ટાંતોના આધારે સર્વ દુઃખોમાંથી નિવૃત્તિ પામવા ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આપેલી ટેક્નોલોજી ‘હું આત્મા છું, ત્રણ દેહથી પર પોતાને આત્મારૂપ માનીને ભગવાનની ભક્તિ કરવી’ સમજાવી. સાથે સાથે વચનામૃતના આધારે આત્માનો સાક્ષાત્કાર કરવાની ટેક્નિક ‘સત્પુરુષ આપણો આત્મા છે’ તેનું રહસ્યોદ્‌ઘાટન કર્યું.

સત્રમાં આગળ વધતાં પૂજ્ય બ્રહ્મદર્શન સ્વામીએ એકાંતિક ધર્મને સિદ્ધ કરવા માટે ભગવાનના સર્વ કર્તા-હર્તાની સમજણની અગત્યતા દૃષ્ટાંતો અને પ્રસંગો દ્વારા સમજાવી. આ સમજણ સામે ઉઠાવાતા ચાર પ્રકારના પ્રશ્નોના અદ્‌ભુત ઉત્તરો આપ્યા. બાદ વિડીયો દ્વારા સ્વામીશ્રીના જ્ઞાન, ભગવાનનું કર્તાપણું અને ભગવાનની ઇચ્છા વિષયક આશીર્વાદ દર્શાવાયા.

વિરામ પછી સ્વામીશ્રીના પૂર્વ વિચરણની સ્મૃતિ કરાવાઈ અને એકાંતિક ધર્મના આધારસ્તંભ ધર્મ વિષયક માર્ગદર્શન અપાયું. પ્રશ્નોત્તર દ્વારા પૂજ્ય મહંત સ્વામીએ અદ્‌ભુત માર્ગદર્શન આપ્યું. ‘પૈસાની બાબતમાં ધર્મ શું છે ?’ તેવા પ્રશ્નનો ઉત્તર આપતાં પૂજ્ય મહંત સ્વામીએ પૈસા કમાવામાં થતા અધર્મ નરક લાલબત્તી ધરી તો વળી પૈસાના ખોટા ખર્ચમાં થતો અધર્મ પણ સમજાવ્યો સાથે સાથે ધર્માદાનો મહિમા પ્રસંગો દ્વારા સમજાવ્યો.

આહારશુદ્ધિ વિષયક પ્રશ્નનો ઉત્તર આપતાં તેમણે અશુદ્ધ આહારથી થતું આધ્યાત્મિક અને લૌકિક અધઃપતન વિવિધ પ્રસંગો અને વૈજ્ઞાનિક સંશોધનના આધારે સમજાવ્યું. સ્ત્રી-પુરુષ મર્યાદા વિષયક પ્રશ્નના ઉત્તરમાં તેમણે મર્યાદા લોપવાથી થતા અનર્થો તરફ ધ્યાન દોર્યું. વળી, એકબીજાને સમજવાની સમજણ સુખી લગ્નજીવન માટે અનિવાર્ય છે તેનું માર્ગદર્શન આપ્યું. બધા જ પ્રશ્નોના ઉત્તરમાં ચાવીરૂપ વિચાર આપતાં કહ્યું : 'સ્વામીબાપાના રાજીપા તરફ સતત દૃષ્ટિ રાખવી.' પ્રશ્નોત્તર બાદ સ્વામીશ્રીએ વિડીયો આશીર્વાદ દ્વારા આહાર-વિહાર શુદ્ધિની મહત્તા સમજાવી.

ન્યૂજર્સીમાં સ્વામીશ્રીના સંકલ્પે આકાર પામી રહેલા અક્ષરધામના નિર્માણકાર્યના આયોજનની વિડીયો બાદ પૂજ્ય મહંત સ્વામીએ આ સંકલ્પનો મહિમા અને યુવા પેઢી માટે તેની અનિવાર્યતા વિશે વાત કરી. સ્વામીશ્રીના આ કાર્ય દ્વારા આવનારાં વર્ષોમાં સમગ્ર નોર્થ અમેરિકાના નાગરિકોને અને વિશેષતઃ ભારતીય મૂળના નાગરિકોને થનારો લાભ સમજાવ્યો.

■ **સંધ્યા સત્ર**

સાંજના સત્રની શરૂઆત પાંચ મિત્રો દ્વારા બાસ્કેટબોલના મેદાનમાં થયેલા સંવાદથી થઈ. પાંચેય મિત્રોના સત્સંગ સંબંધી પ્રશ્નોની ચર્ચા દર્શાવાઈ. પાંચે મિત્રોની પાંચ જુદી જુદી પરિસ્થિતિમાં સત્સંગ અને સ્વામીબાપાનું જીવનમાં પ્રાધાન્ય કેવી રીતે રાખી શકાય તેની મૂંઝવણ દર્શાવાઈ. મૂંઝવણમાં ઉકેલ આપવા માટે પ્રથમ એક ઓડિયો દ્વારા સ્વામીશ્રીની સ્મૃતિ કરાવાઈ. સ્વામીશ્રીએ નોર્થ અમેરિકાના બાળકોને અંગ્રેજીમાં ઉદ્‌બોધન કરેલું તેની સ્મૃતિમાં શિબિરાર્થીઓ ભૂતકાળની એ દિવ્ય સંનિધિમાં સરી પડ્યા. સ્વામીશ્રી જાણે કહી રહ્યા હતા કે સત્પુરુષનું સામીપ્ય સર્વ મૂંઝવણની મુક્તિ છે.

આગળ વધતાં 'Running your own race...' અર્થાત્ 'તમારી જ સ્પર્ધામાં તમે' વિષય ઉપર પૂજ્ય આનંદસ્વરૂપ સ્વામીએ પ્રવચન કરતાં કહ્યું કે 'સ્વામીશ્રીએ આપણને અનહદ પ્રેમ આપ્યો છે, આ પ્રેમની કોઈ પરિસીમા નથી, આ પ્રેમ ભગવાનના દિવ્ય સુખની અનુભૂતિ છે, આ સુખ આપવા માટે જ સ્વામીબાપા આપણી વચ્ચે આવ્યા છે, સ્વામીબાપાએ હંમેશાં ભગવાનને જ આગળ રાખ્યા છે અને આપણને પણ ભગવાન અને સંતને આગળ રાખવાનું જ શીખવ્યું છે, આપણા જીવનમાં ભગવાન અને સંતને આગળ રાખીએ તો કોઈ સ્પર્ધા જ નથી, ભગવાન અને સંતને જીવનમાં આગળ રાખનારા હરિભક્તો સફળ બન્યા છે. જીવનના દરેક લૌકિક કાર્યમાં ભગવાન અને સંતને કેવી રીતે આગળ રાખી શકાય તેનું અદ્‌ભુત માર્ગદર્શન આપ્યું.

સત્રના અંતમાં સ્વામીશ્રીએ વિડીયો આશીર્વાદમાં ધર્મની દૃઢતા, ભગવાનને યાદ કરવા, કોઈપણ કાર્યમાં ભગવાનને આગળ રાખવા, આપણા સંસ્કાર ન ભૂલવા અને ભગવાનને હંમેશાં યાદ કરતાં કરતાં ક્રિયા કરવાનો આદેશ આપ્યો.

■ **તૃતીય દિન : સવારનું સત્ર**

તૃતીય દિનના પ્રથમ સત્રમાં સ્વામીશ્રીની વિડીયોએ શિબિરાર્થીઓને ઉત્સાહથી ભરી દીધા. આજના પ્રથમ સત્રનો વિષય 'Bells of devotion' હતો. જેમાં આહ્‌નિક - ભક્તિને દૃઢાવવામાં આવી. સૌપ્રથમ પૂજ્ય મંગલનિધિ સ્વામીએ નિત્ય પૂજા શું છે અને શા માટે કરવી જોઈએ તેનું માર્ગદર્શન આપ્યું. પૂજ્ય ડૉક્ટર સ્વામીએ મહિમા સમજી પૂજા કરીએ તેનું દિશાસૂચન વિડીયો પ્રવચન દ્વારા આપ્યું.

પૂજ્ય નીલકંઠસેવાદાસ સ્વામીએ ઘરમંદિર કેવું હોવું જોઈએ તે સમજાવ્યું. તે અંગે પૂજ્ય કોઠારી સ્વામીનું વિશેષ માર્ગદર્શન વિડીયો દ્વારા પ્રાપ્ત કર્યું. ઘરસભા અંગે માર્ગદર્શન આપતાં પૂજ્ય હરિદર્શનદાસ સ્વામીએ ઘરસભાથી થતા વિવિધ લાભ સમજાવ્યા.

સવારના સત્રમાં રંગમંચ પરથી પડદો ખૂલ્યો અને જેમ વિદ્યાર્થીઓ શિક્ષક સમક્ષ બેઠા હોય તેમ પરમ પૂજ્ય મહંત સ્વામી સમક્ષ સંતો મેજ પર ગોઠવાઈ ગયા હતા. 'સારંગપુરનું આ ગીત નવું સાંભળજો...' કીર્તનના શબ્દો અને સમગ્ર સભાખંડના બધા પડદા પર સારંગપુરનાં દૃશ્યોએ સભાખંડમાં સારંગપુરનું વાતાવરણ ખડું કરી દીધું. આ સત્રનો વિષય 'Advanced lessons in faith' હતો, વર્ગના પ્રધાનાચાર્ય પૂજ્ય મહંત સ્વામીએ વચનામૃત ગ.મ.૫૩નું વાંચન કર્યું. વિદ્યાર્થી સંત તરીકે બેઠેલા સંતોએ એક પછી એક ચાર પ્રશ્નો પૂછ્યા. જેના જવાબ આપીને પૂજ્ય મહંત સ્વામીએ સૌને શ્રદ્ધા દૃઢાવી અને અભાવ-અવગુણથી દૂર રહેવાની પ્રેરણા આપી. વર્ગના અંતે સભાખંડના છેક પાછળના દરવાજેથી એક અભાવ અવગુણ બંધ કરાવતી પ્રતિકાર રેલી આવી. સમગ્ર સભાખંડને વીંધીને આવતી આ રેલીના યુવકોના હાથમાં અભાવ-અવગુણ વિરુદ્ધ પોસ્ટર-બેનર હતાં. રેલીના અંતે વર્ગના ચારેય પ્રશ્નોને સમાવી લેતા સ્વામીશ્રીના વિવિધ આશીર્વાદની ઝાંખી દર્શાવાઈ.

ત્રીજા સત્રનો મુખ્ય વિષય 'Walk the path, see your destiny' હતો. આ સત્ર દરમિયાન દરેક પ્રવચનને એક સંવાદ દ્વારા સાંકળી લેવામાં આવ્યું. મોક્ષને એવરેસ્ટની ટોચ સાથે સાંકળીને જીવનના એ ધ્યેયને સિદ્ધ કરવાની પ્રેરણા આ સત્રમાં મળી. પૂજ્ય પ્રિયસેવાદાસ સ્વામીએ દુર્લભ મનુષ્ય જન્મ અને દુર્લભ સત્સંગ મળ્યા બાદ જીવનનો હેતુ મોક્ષ સાધવો તે જ છે, તે અંગે માર્ગદર્શન આપ્યું.

પૂજ્ય વિવેકમૂર્તિદાસ સ્વામીએ મોક્ષ માર્ગ પર ચાલવા તૈયાર થયેલા મુમુક્ષુના જીવનમાં કેવી મુશ્કેલી આવી શકે છે અને તેની સામે કેવી રીતે લડવું તે વિવિધ પ્રસંગોથી સમજાવ્યું. મોક્ષનું એવરેસ્ટ-શિખર સિદ્ધ કરવામાં સ્વામીશ્રીની પ્રાપ્તિની અગત્યતા સમજાવતાં પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ આ પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે તે અદ્‌ભુત પ્રસંગો દ્વારા સમજાવ્યું.

પ્રવચન બાદ જાહેરાત થઈ કે ભારતમાં સારંગપુરમાં બિરાજમાન સ્વામીશ્રી લાઈવ દર્શન આપવાના છે અને યુવકોમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું. સૌ પોતાના સ્થાનેથી ઊભા થઈ ગયા. સ્વામીશ્રીએ પણ જાણે શિબિરાર્થીઓનો ઉત્સાહ ઝીલતા હોય તેમ ખડખડાટ હસીને દિવ્ય સ્મૃતિ આપી. સ્વામીશ્રીએ વિવિધ લટકાં દ્વારા ખૂબ જ પ્રેમથી યુવકોને સુખ આપ્યું. સ્વામીશ્રીએ એકાંતિક થવા માટે આજ્ઞા અદ્ધર ઝીલવાનો સંદેશ આપતા હોય તેમ બોલ ફેંક્યો. સૌ 'યોગી આવો તે રંગ મને શીદ લગાડ્યો...' અને 'મારા સ્વામીની થાય વાહ, વાહ...' કીર્તનના તાલે નાચી રહ્યા હતા. સ્વામીશ્રી સૌને કહી રહ્યા હતા કે તેઓ ભૌતિક રીતે દૂર છે, પણ પોતે બધાની ભક્તિ-સેવાને સારંગપુરમાં બેઠાં બેઠાં અંગીકાર કરી રહ્યા છે. સમગ્ર સભાખંડમાં દિવ્યતા ફેલાઈ ગઈ અને સાક્ષાત્ ભગવાન સ્વામિનારાયણથી લઈને સ્વામીશ્રી સુધીના સૌ ગુણાતીત ગુરુઓ પોતે સભામાં હાજર જ હોય તેવો અનુભવ સૌને થયો. સ્વામીશ્રીએ સૌનો પ્રેમ અંગીકાર કરતાં 'આ બધા યુવકોની પણ વાહ વાહ છે...' એવા આશીર્વચન ઉચ્ચાર્યા. સૌ યુવકોએ જીવનનું અમૂલ્ય સંભારણં

મેળવ્યું.

■ **બપોરનું સત્ર**

'Legacy of inspiration' 'પ્રેરણાદાયી વારસો' એ વિષય હેઠળ પૂજ્ય અનુપમદાસ સ્વામીએ એકાંતિક ધર્મનાં ચાર અંગો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ જેમણે જીવનમાં દૃઢ કર્યાં હોય તેવા અમેરિકાના જ હરિભક્તોના પ્રસંગોની પૂર્વભૂમિકા બાંધી અને શિબિરાર્થીઓએ તે હરિભક્તોના જ મુખે તેમના પ્રસંગોમાંથી પ્રેરણા મેળવી.

ડલાસના સુરેશભાઈ પટેલને યોગીજી મહારાજે ૧૯૫૫માં આફ્રિકાના વિચરણ દરમિયાન નિયમ આપેલા તે નિયમો પાળી ન શક્યા. ત્યારબાદ યોગીજી મહારાજ પાસે અટલાદરામાં નિષ્કપટ થયા ત્યારે યોગીજી મહારાજે કહેલું કે તમે શ્રીજીમહારાજની જીભ પર ચાલ્યા છો. આ પ્રસંગે પ્રાયશ્ચિત્ત લીધા બાદ યોગીજી મહારાજની કોઈ આજ્ઞા આજ દિન સુધી લોપી નથી. નિયમિત ૩ કલાક માનસીપૂજા કરે છે. ધર્મનિયમની પ્રેરણા આપતા સુરેશભાઈ બાદ ભક્તિની દૃઢતા કરાવવા ચેરિહિલના કિશોર કાર્યકર વિવેકભાઈ શાહ પણ વિડીયોના માધ્યમ દ્વારા ઉપસ્થિત હતા. વિવેકભાઈ ૮મા ગ્રેડમાં હતા ત્યારે Macular degenerationના કારણે તેમણે દૃષ્ટિ ગુમાવી, છતાં તેમના શબ્દોમાં જે ખુમારી હતી તે સૌને સ્પર્શી ગઈ. તેમને આંખ ગુમાવવાનો અફસોસ નથી, સ્વામીશ્રીને ૨૦૦૯માં અટલાદરા ખાતે તેમણે જણાવેલું કે મને કાંઈ દુઃખ નથી. આંખોની રોશની ગુમાવવા છતાં તેમના હૃદયમાં ભક્તિનો પ્રકાશ વધતો જ રહ્યો છે. હંમેશાં સવારે ૪:૩૦ વાગે ઊઠી જાય, પૂજા બાદ, વચનામૃત અને સ્વામીની વાતો સાંભળે. સ્કુલથી પરત ફરીને ઉત્થાન થાળ કરે, વાંચન કરે, આરતી, થાળ, ચેષ્ટા, સ્કુલ અને સત્સંગનું વાંચન કરીને જ પોતે સૂઈ જાય. સત્સંગ વાંચન માટે કોમ્પ્યૂટરમાં સોફ્ટવેર દ્વારા જે તે પુસ્તક સાંભળે છે. મંદિરે પૂજારી પાસે ઠાકોરજીના નખથી શિખાપર્યંત વાઘા અને શણગારનું વર્ણન સાંભળે અને મૂર્તિ મનમાં ધારે. આવા કઠિન સંજોગોમાં પણ વિવેકભાઈએ દાખવેલી ભક્તિએ સૌને ભાવાર્દ્ર કરી દીધા.

મધુસૂદનભાઈ  પટેલે પોતાના જીવનનો એક પ્રસંગ કહ્યો જેના દ્વારા સૌ શિબિરાર્થીઓને વૈરાગ્યની પ્રેરણા પ્રાપ્ત થઈ. ૨જી એપ્રિલ ૨૦૧૦ના રોજ મેનહટનમાં ભણતા તેમના યુવાન પુત્ર અક્ષરનું અવસાન થયું, આ સમાચાર મળતાં તેમને કે તેમની પત્ની કે દીકરીને કાંઈ થડકો થયો નહીં. માંગલિક પ્રસંગની જેમ તેમણે પેંડાનો પ્રસાદ વહેંચ્યો. સ્વામીશ્રીએ પણ ફોનમાં જણાવ્યું કે ઉત્સવ જેવું થઈ ગયું.

અંતિમ પ્રસંગમાં મંચ પર મુખ પર માસ્ક પહેરીને યુવાન દેવેશભાઈ પટેલ ઉપસ્થિત થયા. દેવેશભાઈને ૨૦૧૧માં લોહીના કૅન્સરનું નિદાન થયું. સ્વામીશ્રીએ ફોનમાં સ્વાસ્થ્ય માટે આશીર્વાદ આપ્યા ત્યારે તેમણે મોક્ષની વાત પૂછી. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે મોક્ષની ચિંતા ન કરતો. તેમના પર અનેક શસ્ત્રક્રિયા અને વિવિધ સારવારો થઈ, પણ આ સંજોગોમાં જ્ઞાને કરીને બધું દુઃખ પ્રેમથી સહ્યું. તેમનાં પત્નીને રૂમમાં પ્રવેશ ન હોવાથી ઇન્ટરનેટના માધ્યમ દ્વારા તેઓ આધ્યાત્મિક જ્ઞાનની ચર્ચા કરતા.

આવા પ્રેરક ઉદાહરણો દ્વારા શિબિરાર્થીઓ સમજ્યા કે પીડાને ટાળી શકાતી નથી પણ પીડા પછી થતા દુઃખને ખાળી શકાય છે - એકાંતિક થઈને. પ્રસંગો બાદ સ્વામીશ્રીના આશીર્વચનની વિવિધ ઝાંખીઓ દ્વારા એકાંતિક ધર્મની અગત્યતાની દૃઢતા શિબિરાર્થીઓએ કરી. પૂજ્ય બ્રહ્મદર્શનદાસ સ્વામીએ આ એકાંતિક ધર્મ સિદ્ધ કરવા ગુણાતીત સત્પુરુષની આવશ્યકતા ૨૦ જેટલાં વચનામૃતો દ્વારા સમજાવી.

■ **સંધ્યા અને અંતિમ સત્ર :**

'I will always be with you' અર્થાત્ હું હંમેશા તમારી સાથે જ છું - શીર્ષક હેઠળ શરૂ થયેલા આ સત્રમાં ચાર સંતોએ સ્વામીશ્રીના યુવકો પ્રત્યેના પ્રેમના ખૂબ જ હૃદયસ્પર્શી પ્રસંગો કહ્યા. દરેક સંતના પ્રવચનના અંતે સ્વામીશ્રીના પ્રેમનાં દર્શન કરાવતાં કીર્તનો માણતા વિડીયો દ્વારા સ્વામીશ્રીના પ્રેમમાં શિબિરાર્થીઓ સરી પડ્યા. સ્વામીશ્રીની દિવ્ય સ્નેહવર્ષાનો અદ્‌ભુત આસ્વાદ સૌએ પૂજ્ય જ્ઞાનપ્રિયદાસ સ્વામી, પૂજ્ય જ્ઞાનપુરુષદાસ સ્વામી, પૂજ્ય વિવેકનિધિદાસ સ્વામી, પૂજ્ય યજ્ઞવલ્લભદાસ  સ્વામી, પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી વગેરેના મુખેથી માણ્યો.

અંતિમ સત્રમાં  પૂજ્ય મહંત સ્વામી 'એક ક્ષણ જે ચિરંજીવ થઈ જાય' એ પ્રવચન માટે પધાર્યા અને બધાં યુવક-યુવતીઓએ ઊભા થઈને તાળીઓથી વધાવી લીધા. મહંત સ્વામીએ યોગીજી મહારાજે કેવી રીતે પ્રેમથી તેમનું પરિવર્તન કર્યું તેના પ્રસંગ કહી તે ક્ષણે જ તેમણે સાધુ થવાનો સંકલ્પ કરી લીધો તે ક્ષણને તાદૃશ કરી. સત્પુરુષમાં પ્રીતિ એ જ સાધનાનો સાર છે તે વાત ફરીથી દૃઢ કરાવી.

પ્રવચનના અંતે શિબિરની પૂર્ણાહુતિ કરતાં એક વિડીયો રજૂ થઈ, તેમાં સ્વામીશ્રીને વિવિધ પ્રાર્થના કરવામાં આવી હતી. પૂજ્ય મહંત સ્વામીએ સામેથી માઈક માંગીને બે પ્રાર્થના વધુ કરી. પ્રાર્થના શબ્દો ઘૂંટતાં ઘૂંટતાં શિબિરાર્થીઓ વિદાય લઈ રહ્યા હતા ત્યારે સૌના મુખ ઉપર પ્રાપ્તિનો કેફ છલકાતો હતો. પરમ એકાંતિક સત્પુરુષ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સંગે એકાંતિક થવાનું ભાથું મેળવીને સૌ ધન્ય થતાં વિખરાયા. ◆

(૨)

# દર્શન : પ્રભુની સાક્ષાત્ અનુભૂતિનું શ્રેષ્ઠ માધ્યમ

*ભારતીય ભક્તિ પરંપરામાં દર્શનને પરમાત્માની સાક્ષાત્ અનુભૂતિનું ઉત્તમ માધ્યમ ગણવામાં આવ્યું છે.*

*હૃદયના સાચા ભાવથી કરાયેલા પરમાત્મા અને સંતનાં દર્શન આંખોને અને જીવતરને કૃતાર્થ કરે છે.*

*દર્શન કરવાની પણ એક આધ્યાત્મિક કળા છે....*

આહ્નિકમાં 'દર્શન'નું ઘણું મહત્ત્વ છે. ભગવાન કે સંતનું દર્શન અનંત જન્મનાં પાપને બાળીને પુણ્યોદય કરી આપે છે. આ દર્શન પણ તેમની એક પ્રકારની મુલાકાત જ છે. 'દર્શન' કેવળ દર્શન ન રહેતાં, તે સ્તવન, પ્રાર્થના, અપરાધની સ્વીકૃતિ સાથે નવજીવનના પ્રારંભનો સૂર્યોદય બની રહે છે.

એટલે જ ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સત્સંગીના આહ્નિકમાં નિત્ય સવાર-સાંજ મંદિરે દર્શને જવાનો આદેશ આપ્યો છે.

દર્શન માટે મંદિરે જતા દર્શનાર્થીઓને અનુસંધાન આપતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે : 'મારી અષ્ટ પ્રકારની પ્રતિમા તથા નવમા સંત એમાં અખંડ બિરાજમાન છું.' (વચ.ગ.પ્ર. ૬૮) મૂર્તિમાં સાક્ષાત્ ભાવ લાવીને દર્શન કરે તો જ તે ખરાં દર્શન કહેવાય છે.

જે ભક્તને ભગવાનમાં અતિ દૃઢ સ્નેહ કરવો હોય, ને એવો જ સ્નેહ ભગવાન તરફથી પામવો હોય તેને માટે ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં સુંદર માર્ગદર્શન આપ્યું છે. તેમાં એક મહત્ત્વની બાબત છે દર્શન. તેઓ તે માટે શરીર, વાણી અને મન - ત્રણેને આ રીતે વર્તાવવાં કહે છે : ૧. દેહમાં ઉન્મત્તપણું હોય તો ટાળવું, ભજનમાં બેસવું, ચાંદ્રાયણ આદિ વ્રત દ્વારા દેહને બળહીન કરી નાંખવું, દેહનું જતન ન કરતાં તેના દ્વારા ભગવાન ને ભગવાનના ભક્તની ટેલ-ચાકરી કરવી. ૨. વચને કરીને કોઈ જીવ-પ્રાણીમાત્રને દુખવવાં નહીં. ભગવાન કે સંત પોતાને યોગ્ય અથવા અયોગ્ય વચન કહે તેને તત્કાળ માનવું પણ ના ન પાડવી. મોટા સંત સાથે વાદ-વિવાદ, ચર્ચામાં હારીને રાજી થવું, પણ તેમને ભોંઠા ન પાડવા. ૩. પરમેશ્વરનાં દર્શન એકાગ્ર મનથી કરવાં, પણ ફાટી દૃષ્ટિએ ન કરવાં. દર્શનમાં નિત્ય નવીન શ્રદ્ધા રાખવી. દર્શન કરતી વખતે કોઈ આવ્યું - ગયું તો તે તરફ વૃત્તિ જવા ન દેવી. દર્શન મૂકીને વૃત્તિ તે તરફ જવા દે તો તે લૌકિક દર્શન થાય છે. એવા ભક્ત પર ભગવાન ને સંત રાજી થતા નથી, ને તે પણ દિવસે દિવસે ઊતરતો જાય છે.

આમાં મનને કેળવવાના ગુણોમાં સૌથી મહત્ત્વનો ગુણ છે : દર્શન કરવાની સાચી રીત શીખવાનો.

**દર્શન કરવાની સાચી રીત :**

પ્રભાતે જાગીએ ત્યારથી શયન સુધીમાં દર્શનની તક વારંવાર આપણને પ્રાપ્ત થતી જ રહે છે. ગામના હરિમંદિર કે નજીકના શિખરબદ્ધ મંદિરમાં એકાદશી, પૂનમના દિવસે ભગવાનનાં દર્શન આપણે પામીએ છીએ. નાના-મોટા ઉત્સવો-સમૈયાઓ પણ દર્શનનો એક મહાલાભ આપણને પ્રદાન કરે છે અને પ્રમુખસ્વામી મહારાજનો દર્શન-યોગ તો આપણી મહામૂલી મૂડી બની જાય છે. પરંતુ એ દર્શનને કેવી રીતે એક સાધનાનો અવસર બનાવવો જોઈએ, તે અંગે ભગવાન સ્વામિનારાયણે ખૂબ સુંદર માર્ગદર્શન આપ્યું છે.

**૧. એકાગ્ર દૃષ્ટિથી દર્શન કરવાં :**

એકાગ્ર થવું એટલે ભગવાનની મૂર્તિમાં દૃષ્ટિને કેન્દ્રિત કરવી. માછલી પકડવા જેવી સામાન્ય ક્રિયા માટે પણ બગલાને એકાગ્ર થવું પડતું હોય, તો આ તો ભગવાનની મૂર્તિ પકડવાની છે. એમાં કેટલી એકાગ્રતા જોઈએ ? સાચી એકાગ્રતા થાય તેને બીજું ન દેખાય.

શું આપણે દર્શન કરતાં હોઈએ એ સમયે આજુબાજુના તમામ સજીવ-નિર્જીવની હિલચાલમાં દૃષ્ટિ ડોલે છે ? જો ડોલતી હોય તો એકાગ્રતાની ખોટ છે. દૃષ્ટિમાં મન પરોવીએ તો એવી એકાગ્રતા આવે. મન ભળે ત્યારે જ તો એ દર્શન કહેવાય. બાકી તો નજર ફેરવી કહેવાય. આ માટે પણ મનન-નિદિધ્યાસ કરવો અતિ આવશ્યક છે. તો જ એ નક્કર દર્શન બને પછી એ ભક્તની કાયમી મૂડી બની જાય છે. આવાં દર્શન લાંબાકાળ સુધી યાદ રહે છે.

એકવાર બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ મુંબઈ દાદર અક્ષરભવનમાં બિરાજતા હતા. મહંત સ્વામી નિત્ય નવા હાર ગૂંથીને ઠાકોરજીને પહેરાવતા. તેમને એકવાર સંકલ્પ થયો કે યોગીજી મહારાજ દર્શનમાં રોજ નવા ગૂંથેલા હાર નીરખતા હશે કે નહીં ? એ જ સમયે અંતર્યામીપણે યોગીજી મહારાજે કહ્યું : 'ગુરુ ! તમે કહો તે દિવસનું કહી દઉં કે ઠાકોરજીએ કેવો હાર પહેર્યો હતો !'

આનું મૂળ છે દર્શનમાં યોગીજી મહારાજની એકાગ્રતા.

ભગવાનનાં સન્મુખ દર્શન કર્યાં બાદ એ મૂર્તિનાં વસ્ત્ર-અલંકાર-પુષ્પહાર કે અન્ય શણગારની સ્મૃતિ કરવામાં બહુધા મુમુક્ષુને ઘણો પરિશ્રમ પડે છે. આપણી એક સામાન્ય ફરિયાદ એ છે કે હજારવાર દર્શન કર્યાં કરવા છતાં મૂર્તિની સ્મૃતિ કરીએ ત્યારે યથાર્થ ચિત્ર મનમાં સ્પષ્ટ થતું નથી.

આનું મૂળ કારણ કે મને સહિત એકાગ્ર દૃષ્ટિ રાખીને દર્શન કરવાની પ્રાથમિક શરતમાં જ ચૂક.

ભગવાન સ્વામિનારાયણ સારંગપુર પ્રકરણના પાંચમા વચનામૃતમાં કહે છે : 'જ્યારે એ દર્શનનો કરનારો, ભગવાનનાં દર્શન કરે છે ત્યારે એનું મન તે દૃષ્ટિ દ્વારે આવીને, તે સહિત દૃષ્ટિ જો દર્શન કરે તો તે દર્શન એવું થાય જે વિસારે તોય પણ વીસરે નહીં... જેમ અજ્ઞાની જીવ હોય તેણે મને સહવર્તમાન જે પંચ જ્ઞાનેન્દ્રિયો તેણે કરીને જે જે વિષય ભોગવ્યા હોય, તે વિસારે તોય વીસરે નહીં. એવી રીતે ભગવાનનું પણ મને સહવર્તમાન જે દર્શનાદિક કરે છે તેને જ દર્શનાદિક જાણવું. અને બીજાને તો દર્શન થયું છે તોય પણ ન થયા જેવું જ છે. કાં જે એણે દર્શન કર્યાં, તે સમે એનું મન તો ક્યાંઇયે ફરતું હતું. માટે એ દર્શન એને કાં તો એક દિવસમાં વીસરી જશે અથવા પાંચ દિવસમાં અથવા પચાસ દિવસમાં અથવા છ મહિનામાં અથવા વર્ષમાં અથવા પાંચ વર્ષમાં જરૂર વીસરી જશે.'

રસ્તા પરથી પસાર થતાં સેંકડો વાહનો, લારી-ગલ્લા, દુકાનો ને મનુષ્યો પર આપણી દૃષ્ટિ પડે છે. ત્યારે આંખ જુએ ખરી, પણ મન તેમાં ભળતું ન હોવાથી આપણને દિવસ દરમ્યાન દીઠેલી અસંખ્ય વિગતોમાંથી બહુ થોડાની સ્મૃતિ ભાગ્યે જ રહે છે. આ જ વાત દર્શન માટે પણ એટલી જ સાચી છે. જેને એકાગ્ર દૃષ્ટિ નથી તેને ભગવાન સ્વામિનારાયણ કડક શબ્દોમાં વખોડે છે. એને *'ફાટેલી દૃષ્ટિવાળા'*ની ઉપમા આપે છે. (વચ.સા. ૨) જેમ ફાટેલી થેલીમાં ધાન્ય ભર્યું હોય, તો દુકાનમાંથી ઘેર લઈ જતા સુધીમાં બધું ધાન્ય સ્રવી જાય, એમ ફાટેલી દૃષ્ટિવાળાના હૃદયમાંથી ભગવાનની મૂર્તિની સ્મૃતિ સ્રવી જાય છે.

ભગવાન સ્વામિનારાયણ કહે છે કે ''પરમેશ્વરનાં દર્શન કરતો હોય ને ત્યાં કોઈ મનુષ્ય આવ્યું અથવા શ્વાન આવ્યું કે બીજું કોઈ પશુ પક્ષી આવ્યું ત્યારે પરમેશ્વરનાં દર્શનમાંથી વૃત્તિ તોડીને આડી-અવળી, ઊંચીનીચી દૃષ્ટિ કરીને તેનાં પણ ભેળાં દર્શન કરતો જાય. એવો ભક્ત 'ફાટેલ દૃષ્ટિવાળો' જાણવો.''

આવાં લૌકિક અને બાહ્ય દર્શનના કરનારા પર શ્રીહરિને કેવી ખીજ ચડે છે ! તેઓ કહે છે : 'અમારાં દર્શન કરતા હોય ને કોઈક બાઈ-ભાઈ આવે અથવા કૂતરું નીસરે કે ઢોર નીસરે કે કાંઈક ખડખડે, તેની સામું વારંવાર દર્શન મૂકીને જુએ પણ એક દૃષ્ટિએ દર્શન ન કરે, તેની ઉપર તો એવી રીસ ચડે જે 'શું કરીએ ? સાધુ થયા, નહીં તો તેનું કાંઈક તાડન કરીએ.' (વચ.ગ.અં. ૨૫)

ભગવાનની સામે ઊભા રહીને અજાણતાં પણ ભગવાનનો ખોફ વહોરવાની આવી ક્રિયા આપણે સહેજે કરતા હોઈએ છીએ. પૂજા કરવા બેઠા હોઈએ ને ક્યારેક બાજુમાં ટી.વી. પણ જોઈ લઈએ, છાપામાં ક્રિકેટના સમાચાર પણ જાણી લઈએ ને ફોન પર ધંધાની વાત પણ કરી લઈએ... આવી પૂજાથી ભગવાનની પ્રસન્નતા નહીં, પ્રકોપ જ પ્રાપ્ત થાય છે. શિવલાલ શેઠ એકાગ્ર થઈને પૂજા-દર્શન કરતા તો પૂજામાં ભગવાન સ્વામિનારાયણ સાક્ષાત્ પધારતા.

**૨. મૂર્તિમાં આસ્તિકભાવ અને જીવંતભાવ :**

મંદિરમાં પધરાવેલી પાષાણ કે ધાતુની મૂર્તિ અથવા આપણા ઘર-મંદિરમાં રહેલી ચિત્ર-પ્રતિમામાં ભગવાન સાક્ષાત્ વિરાજમાન છે. આવી અંતરના ઊંડાણમાંથી ઉદ્ભવેલી દૃઢ પ્રતીતિથી મન તુરત એકાગ્ર થાય છે.

'આ મૂર્તિનાં નેત્ર દ્વારા ભગવાન મારી સામે જોઈ રહ્યા છે, નાસિકા દ્વારા શ્વાસ લઈ રહ્યા છે, કાન દ્વારા મારી પ્રાર્થના સાંભળી રહ્યા છે. અને એક સાક્ષાત્ જીવંત દિવ્ય તત્ત્વ મૂર્તિરૂપે મારી સામે બિરાજમાન છે.' આવી ભાવના કેળવીને મૂર્તિને નીરખવાની મનોવૃત્તિ બદલાશે ને ઉત્તરોત્તર અનુરાગ વધશે ને તરત મન ને જીવ જોડાશે.

અગણોતેરા કાળમાં ભગવાન સ્વામિનારાયણ જગન્નાથપુરીમાં દિવ્ય દેહે વિચર્યા અને શ્રી જગન્નાથજીની મૂર્તિને વિશે પ્રવેશ કરીને તેમનાં નેત્ર દ્વારા સર્વને દેખતા ને પૂજારીનો ભકિતભાવ તથા છળકપટ સર્વ દેખતા. હા, મૂર્તિ જુએ જ છે. મૂર્તિમાં રહીને ભગવાન આપણને નિહાળે છે, સાંભળે છે.

પ્રમુખસ્વામી મહારાજને મૂર્તિમાં જીવંત અસ્તિત્વનો આવો ભાવ સતત રહ્યા કરે છે. તેથી જ ભગવાનના ગળામાં લીંબુનો ગલતોરો કંઠલા તરીકે જરા મજબૂતીથી બાંધેલો હોય તો તેને ઢીલો કરવા તેઓ જણાવે છે... ઠાકોરજી આગળ ધરેલા મુખવાસમાં ઇલાયચીના આખા દાણાને ફોલીને મૂકવા અનુરોધ કરે છે... ઠાકોરજીને દરિયાસ્નાન કરાવ્યું હોય તો પછી દરિયાની ખારાશ અને ચીકાશ હરવા શુદ્ધ મીઠા પાણીથી મૂર્તિને સ્નાન કરાવવાની તકેદારી રાખે છે... ઠાકોરજીનો પલંગ નાનો હોય તો પડખું કઈ રીતે ફરશે એની ચિંતા વ્યક્ત કરે છે ! હા, સ્વામીશ્રી પોતાના જીવનપ્રાણ સમી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને ૧૩ સે.મી.ના ૨૫૦ ગ્રામના ધાતુના પૂતળા તરીકે નહીં, પણ એક વિશિષ્ટ અને ચેતનવંતા અસ્તિત્વ તરીકે જ જુએ છે, જાણે છે, માને છે. આથી તેમનું તેમને સતત અનુસંધાન રહે છે.

**૩. ભગવાનનો મહિમા ને દાસત્વ :**

અક્ષરબ્રહ્મ સ્વયં સર્વ નિયંતા હોવા છતાં પરબ્રહ્મના દાસ છે. તેમને પરબ્રહ્મનો જેવો અને જેટલો મહિમા છે, તેવો અને તેટલો અન્ય કોઈને નથી. એટલે જ ગુણાતીતાનંદ સ્વામીથી માંડીને ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને આજે પ્રમુખસ્વામી મહારાજ સુધીની ગુણાતીત ગુરુપરંપરામાં ભગવાનનાં દર્શનની તલપ વારંવાર જોવા મળે છે. ગુણાતીતાનંદ સ્વામી શ્રીહરિનાં ક્ષણિક દર્શન માટે વરસતાં વરસાદમાં નેવાં નીચે ઊભા રહેતા... માણકી ઘોડીની આગળ પાછા પગે શ્રીહરિનાં દર્શન કરતાં દોડતા... શ્રીહરિ જ્યાં સુધી દર્શન દેતાં બિરાજ્યા હોય, ત્યાં સુધી તેઓ ખસતા નહીં. રાત્રે મોડું થાય તોપણ દર્શનનો લોભ રાખતા. પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં ભગવાન અને ગુરુનાં દર્શનની તલપ એટલી જ તાજી જોવા મળે છે. તેમાં તેઓ અવસ્થા, સ્થળ-સંજોગોની પરવા કરતા નથી.

તેનું કારણ છે ભગવાનની મૂર્તિનાં સુખ, ઐશ્વર્ય અને સામર્થ્યનો યથાર્થ ખ્યાલ.

ભગવાનનું સુખ કેવું છે ? તો ત્રાજવાના એક પલ્લામાં માત્ર પૃથ્વીના જ નહીં, પણ અનંતકોટિ બ્રહ્માંડનાં વિષય સુખ મૂકો ને બીજા પલ્લામાં ભગવાનના એક રોમનો કોટિમો ભાગ મૂકો, તો એ બેમાં ભગવાનનું સુખ ચડી જાય. (વચ.સા. ૧)

અને ભગવાનની સામર્થી કેવી છે ? આ રહી ભગવાન સ્વામિનારાયણના સામર્થ્યની વાત, એમના જ સ્વમુખે :

'સર્વ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું અને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય બીજી કરોડ ભૂમિકાઓ - એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું, તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વ તેજાયમાન છે.' (વચ.અમ. ૭)

આવા ભગવાન સ્વામિનારાયણ મારા ઇષ્ટદેવ છે ! એમનાં હું દર્શન કરું છું ! બસ, એકવાર આ વાતની ગેડ જીવમાં બેસે પછી વૃત્તિ પરોવવાનું કાર્ય અઘરું નથી. એ પછી ઠાકોરજીનાં દર્શન હોય કે સ્વામીશ્રીનાં ! તરત વૃત્તિ જોડાઈ જ સમજો.

**૪. પ્રીતિ - આસક્તિ :**

ભગવાનનાં દર્શનની આસક્તિ કેળવવી જોઈએ.

તા. ૧૮-૧૨-૨૦૦૨ના રોજ સ્વામીશ્રી મહેળાવમાં બિરાજતા હતા. તેમને તાવ આવતો હતો. પ્રાતઃપૂજા પછી સ્વામીશ્રીની મંદિરમાં ઠાકોરજીનાં દર્શને જવું હતું. વિવેકસાગરદાસ સ્વામીએ વિનંતી કરી કે 'અત્યારે પૂજામાં હરિકૃષ્ણ મહારાજનાં દર્શન થઈ ગયાં છે. માટે અલ્પાહાર કરી લ્યો. પછી આરામ કરો. અત્યારે ઠંડી પણ ખૂબ છે.' પરંતુ સ્વામીશ્રીને તો ઠાકોરજીનાં દર્શન કર્યા વિના પાણી પણ નહોતું ખપતું. તેઓ કહે : 'દર્શને તો જવું જ જોઈએ ને !'

સંતોએ તેઓને સમજાવ્યું કે 'માંદગીમાં ધર્મામૃત પ્રમાણે થોડી છૂટછાટ લેવાય. આપને તો એંસી ઉપર બે થયાં છે. માટે મનમાં સંકોચ ન રાખવો...'

સ્વામીશ્રીએ ઉત્તરમાં દર્શને જવાની દૃઢ ઇચ્છા વ્યક્ત કરી. મંદિર ઉપર પધાર્યા ને દરેક ખંડમાં નિરાંતે દર્શન કર્યાં. સત્સંગિજીવનમાં શ્રીહરિ કહે છે : 'यो रक्तो परमात्मनि विरक्तो-अपरमात्मनि।' જે પરમાત્મામાં આસક્ત રહેતા હોય, તેને પરમાત્મા સિવાય અન્ય પદાર્થમાત્રમાં અનાસક્તિ સહજસિદ્ધ હોય છે. એવા સ્વામીશ્રી શ્રીહરિમાં મહિમાપૂર્વક અત્યંત આસક્ત છે. કારણ કે તેઓ અક્ષરબ્રહ્મનું પ્રગટ સ્વરૂપ છે. આપણને ભગવાનની મૂર્તિમાં એટલી આસક્તિ કે અનુરાગ નથી, તેથી જ તો શ્રીહરિએ એકાંતિક સંતમાં પ્રીતિ રાખવાની વાતને વચનામૃતમાં વારંવાર દૃઢાવી છે. સત્પુરુષમાં દૃઢ પ્રીતિથી જ આત્મદર્શન અને પરમાત્માનાં દર્શનની સિદ્ધિ થાય. (વચ.વર. ૧૧) ભગવાન કે સંતમાં દેહના જેવી આત્મબુદ્ધિથી છતી દેહે અક્ષરધામની અનુભૂતિ થાય. (વચ.ગ.અં. ૭). માટે આ પ્રીતિ વધે એ ઉપાય કરવો જોઈએ.

**૫. અભ્યાસ :**

ગુણાતીતાનંદ સ્વામી કહે છે, જીવ તો બધાય સારા જ છે. પણ અખંડ ચિંતવન નથી થતું કારણ કે અભ્યાસ નથી. વૃત્તિ પલટાવીને અંતરમાં ઉતારેલી એ મૂર્તિને હાલતાં-ચાલતાં-ખાતાં-પીતાં સર્વે ક્રિયામાં સંભારવાનો અભ્યાસ કરે તો દર્શનકળા સિદ્ધ થાય છે. (વચ.ગ.પ્ર. ૨૨ અને ૨૩) આવા નિયમિત અભ્યાસથી ચમત્કાર સર્જાય છે. જેમ કૂવાના કાંઠા પર સૂતરની નરમ દોરડી, લાંબા કાળે કાપા પાડે છે. એમ કરેલાં દર્શનને ચિંતવવાના નિત્ય અભ્યાસથી અવશ્ય અખંડ ચિંતનના માર્ગે વધાય જ. (વચ.ગ.મ. ૩૩)

**૬. દૃષ્ટિ પલટાવવાની રીત :**

મૂર્તિને અંતરમાં ઉતારવા માટે દર્શન કરતાં કરતાં જ દૃષ્ટિને-વૃત્તિને પલટાવવી જોઈએ. ધર્મપુરનાં રાણી કુશળકુંવરબાઈ મહારાજનાં દર્શન કરતી વેળા આ યુક્તિ અજમાવતાં.

દૃષ્ટિ પલટાવીને દર્શન કરવાં એટલે શું ? દર્શન કરતી વખતે આંખો બંધ કરી મૂર્તિને અંતરમાં જોવી. એમ કરતાં કરતાં વારંવાર તપાસવું કે આ દર્શન મૂકીને મન બીજો વિચાર તો કરતું નથી ને ! વળી, ભગવાન કે સંતનાં દર્શન એક સાથે સર્વાંગ દર્શન કરવાં અને ત્યારબાદ અંગો અંગનાં ક્રમશઃ દર્શન કરવાં જોઈએ. સૌ પ્રથમ ચરણનાં દર્શન કરીને, નેત્ર મીંચીને એ ચરણને ચિંતવવા ને તપાસવું કે કરેલાં દર્શનમાંથી કેટલી સ્મૃતિ રહી ? જો ભૂલી જઈએ તો તરત જ નેત્ર ખોલીને ફરી એ અંગનાં દર્શન કરવાં. ત્યારબાદ ભગવાનનાં હસ્તકમળ, વક્ષઃસ્થળ, મુખ, નેત્ર, વસ્ત્ર, આભૂષણ, મુકુટ એવાં ક્રમશઃ દર્શન કરવાં ને આંખો બંધ કરીને ચિંતવવા. આને દૃષ્ટિ પલટાવી કહેવાય. આ રીતે કરેલાં દર્શન, ભક્તની કાયમી મૂડી બની જાય છે.

આપણે પ્રમુખસ્વામી મહારાજને આ રીતે દર્શન કરતાં ઘણીવાર જોયા છે. કઈ મૂર્તિને કેવા શણગાર છે ! તે તેઓ તીવ્રપણે સ્મૃતિમાં ભરી લે છે.

આપણે પણ મૂર્તિનાં કે ગુરુહરિ સ્વામીશ્રીનાં દર્શન કરતી વખતે મને સહિત દૃષ્ટિ એકાગ્ર રાખીને કરીશું તો તે નિત્ય નવીન ને નવીન રહેશે. કદી નહીં વીસરાય. ◆

(૩)

# બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ ષષ્ઠિપૂર્તિ મહોત્સવ

તા. ૬-૧-૨૦૧૩નો દિન વિશ્વની યુવાશક્તિના ઇતિહાસમાં અમર બની રહેશે.
એ દિન હતો - બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની યુવાપ્રવૃત્તિનાં ૬૦ વર્ષની શાનદાર ઉજવણીનો...
ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય વૈદિક સિદ્ધાંતોની અસ્મિતા સાથે, શુદ્ધ ઉપાસના અને શુદ્ધ ચારિત્ર્યના મંત્ર સાથે થનગનતાં ૬૦,૦૦૦ કરતાં વધુ યુવક-યુવતીઓનો વિરાટ સમુદાય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના છત્ર તળે વિશાળ સ્ટેડિયમમાં છલકાતો હતો. વિશ્વ દંગ થઈ જાય એવા એ આધ્યાત્મિક યુવાસમાજની એ અભૂતપૂર્વ ઉજવણીની અહીં છે એક ઝલક...

સરદાર પટેલ સ્ટેડિયમમાં આજે બરાબર સાંજે ૫-૧૫ વાગ્યે યુવાપ્રવૃત્તિ ષષ્ટિપૂર્તિ મહોત્સવની સભાનો પ્રારંભ થવાનો હતો. મહોત્સવ સ્થળે ૬૦,૦૦૦થી વધુ યુવક-યુવતીઓ વિભિન્ન પ્રાંતોમાંથી એકત્રિત થવાં લાગ્યાં હતાં. કોઈ બસ દ્વારા તો કોઈ પોતાનાં વાહનોમાં, તો કોઈ ટેમ્પો અને મોટર ગાડીઓમાં ઉત્સવમાં સંમિલિત થવા પહોંચી રહ્યાં હતાં. ભારતભરનાં વિવિધ ક્ષેત્રોમાંથી આવતાં યુવક-યુવતીઓનાં વાહનોના પાર્કિંગ માટે વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું. સાબરમતીના તટે રિવરફ્રન્ટમાં ગાંધીબ્રિજથી લઈને નહેરુ-બ્રિજ સુધી અને હોમગાર્ડ ગાર્ડન, અંબાજી માતાના મંદિર પાસે, એલ.આઈ.સી. કેમ્પસ જેવાં સ્થાનો બી.એ.પી.એસ. પાર્કિંગ માટે આરક્ષિત રાખવામાં આવ્યાં હતાં. બહારગામથી આવતા યુવાનો પાર્કિંગ-સ્થળ અને સ્ટેડિયમ સુધી સરળતાથી પહોંચી શકે તેનું માર્ગદર્શન આપવા માટે અમદાવાદના વિવિધ માર્ગો પર સ્વયંસેવકો સજ્જ હતા. સ્વયંસેવકોની આ વ્યવસ્થાને કારણે આટલી મોટી સંખ્યામાં આવતાં વાહનોથી

ટ્રાફિકની સમસ્યા ન સર્જાઈ અને સુવ્યવસ્થિત પ્રવાહ સ્ટેડિયમ ભણી વહેતો રહ્યો.

બપોરે ૧-૦૦ વાગ્યાથી જ યુવક-યુવતીઓનો પ્રવાહ સ્ટેડિયમ ભણી શરૂ થઈ ગયો હતો. બપોરે ૩-૩૦ વાગે મહોત્સવ સ્થળે સ્ટેડિયમમાં સૌને પ્રવેશ આપવામાં આવ્યો ત્યારે પ્રવેશ વેળાએ જ સૌને આજના સંધ્યા-ભોજન માટેના ખાસ તૈયાર કરવામાં આવેલાં મહાપ્રસાદ પેકેટ્સ, ષષ્ટિપૂર્તિના ધ્વજ અને સમૂહ આરતી માટેના દીપ વગેરે સામગ્રી આપી દેવામાં આવી હતી. સ્ટેડિયમની વર્તુળાકાર બેઠકોની સૌથી ઉપર ૨૯ દેશોના રાષ્ટ્રધ્વજ લહેરાઈ રહ્યા હતા. તેની સાથે જ બી.એ.પી.એસ.ના ધ્વજ પણ પ્રત્યેક સોપાનખંડ પર લહેરાઈ રહ્યા હતા.

૩૬૦૦ ચો.ફૂટના વિશાળ મુખ્ય મંચની શોભા પણ બી.એ.પી.એસ.ના ધ્વજ અને યુવાશક્તિને પ્રતિધ્વનિત કરતી હતી. મંચની ૩૦ ફૂટ ઊંચી પાર્શ્વભૂમાં બી.એ.પી.એસ. ષષ્ટિપૂર્તિ મહોત્સવનું પ્રતીક દશ્યમાન થઈ રહ્યું હતું. બી.એ.પી.એસ.ના પ્રતીક અક્ષર-દેરીમાંથી પ્રસ્ફુટ થતા છ વિવિધ રંગી યુવાનો યુવાપ્રવૃત્તિનાં પવિત્ર છ મૂલ્યો અને છ દાયકાની સ્મૃતિઓ તાજી કરાવતા હતા. આ યુવા પ્રતીકમાંથી નીકળતી બી.એ.પી.એસ.ની લહેરોમાં સર્વત્ર થનગનતા યુવાનોનાં પ્રતીકો શોભી રહ્યાં હતાં. મંચની પશ્ચાદ્‌ભૂના કેન્દ્રમાં પરબ્રહ્મ ભગવાન સ્વામિ-નારાયણ તથા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી (શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ) બિરાજ્યા હતા. જમણી બાજુ બી.એ.પી.એસ.ના સંસ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને ડાબી બાજુ બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના સંસ્થાપક બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ બિરાજમાન હતા.

મુખ્ય મંચ પર કેન્દ્રમાં બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના પરિપોષક અને પ્રાણ સમા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિ સુશોભિત આસન પર બિરાજમાન રહી હતી. મુખ્ય મંચ પર તેની બંને બાજુ વરિષ્ઠ સંતો બિરાજમાન થયા હતા અને તેની સામેના ૩૦૦૦ ચો.ફૂટના વિશાળ નૃત્યમંચ પર વિવિધ પ્રસ્તુતિઓ થવાની હતી. નૃત્ય મંચના ઉપરના ભાગમાં મંચ પર નૃત્ય કરનાર યુવાનોની શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે સેંકડો એલ.ઈ.ડી. લાઇટ્સ અને લેસર લાઇટ્સ ગોઠવવામાં આવી હતી. સ્ટેડિયમમાં બેસીને સૌ પ્રેક્ષકગણ સમગ્ર કાર્યક્રમને સરળતાથી માણી શકે તે માટે કુલ ૨૦ આધુનિકતમ વીડિયોકેમેરા ગોઠવવામાં આવ્યા હતા, જેના દ્વારા લેવાતાં દશ્યો મંચની બંને બાજુએ બે મધ્યમ અને બે વિશાળ કદના એલ.ઈ.ડી. સ્ક્રીન પર દર્શાવાતાં હતાં. સ્ટેડિયમની ઉપરની વર્તુળાકાર સોપાન બેઠક વ્યવસ્થા ૧ થી ૧૬ વિભાગોમાં વહેંચવામાં આવી હતી. ૧ થી ૧૦ વિભાગમાં યુવકો બેઠા હતા. અને ૧૧ થી ૧૬ વિભાગમાં યુવતીઓની બેઠક વ્યવસ્થા હતી. સ્ટેડિયમના મેદાનમાં પણ બેઠક વ્યવસ્થા હતી. તેમાં યુવકો ઉપરાંત સંતો, આમંત્રિતો બેઠા હતા. મેદાનની મધ્યમાં બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ ષષ્ટિપૂર્તિ મહોત્સવનું વિશાળ બેનર જમીન સરસું ગોઠવવામાં આવ્યું હતું. આ બેનરની સમાંતરે બંને બાજુએ પણ બી.એ.પી.એસ. ચિહ્‌ન અને ધ્વજવાળાં વિશાળ બેનર ગોઠવવામાં આવ્યાં હતાં.

૪-૦૦ વાગ્યાના સુમારે પોણા ભાગનું સ્ટેડિયમ યુવક-યુવતીઓથી છલકાવા લાગ્યું અને ૪-૩૦ વાગ્યે હકડેઠઠ ભરાઈ ગયું. ઉપરના ભાગની સઘળી સોપાન બેઠકો પણ ચિક્કાર ભરાઈ ગઈ. કાર્યક્રમના શુભારંભ પૂર્વે યુવાનોનું અભિવાદન કરવા મંચ પરથી વિવિધ બેન્ડવાદન અને નૃત્યો રજૂ થયાં. નડિયાદ અને કોલકાતા બી.એ.પી.એસ. યુવાવૃંદોએ બેન્ડવાદન કરીને યુવાનોને સત્કાર્યા. પૂર્વ આફ્રિકાના દારેસલામથી પધારેલા બી.એ.પી.એસ. યુવાવૃંદ અને સાથી શ્યામ યુવાનોએ આફ્રિકન નૃત્ય પ્રસ્તુત કર્યું. સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો. સર્વના મનમાં ઉત્કંઠા વધુ ને વધુ તીવ્ર થવા લાગી.

બરાબર ૫-૧૫ વાગ્યે જ્યારે યુવાશક્તિના જયનાદો સાથે કાર્યક્રમનો શુભારંભ થયો. નૃત્યમંચ પર યુવકોએ શંખનાદ સાથે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન અને 'ભાવ ધરીને બોલો જય જય' પ્રાર્થનાનું ગાન કર્યું. ધૂન અને પ્રાર્થનાનું ગાન થતાં જ વાતાવરણમાં દિવ્યતા પ્રસરી ગઈ. સ્વયં ભગવાન સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામી મહારાજ આ સભામાં દિવ્ય દેહે ઉપસ્થિત હોય તેવો સૌને અહેસાસ થવા લાગ્યો.

ત્યારબાદ વીડિયો સ્ક્રીન પર છેલ્લા એક વર્ષ દરમ્યાન ષષ્ટિપૂર્તિ મહોત્સવના ઉપક્રમે દેશ-વિદેશમાં થયેલા વિભિન્ન અદ્‌ભુત કાર્યક્રમોની ઝાંખી કરાવવામાં આવી. વીડિયો દરમિયાન *'નહીં રૂકેંગે કદમ હમારે ધર્મ કે પથ પર ચલતે...'* ~~વગેરે કીર્તનો ગુંજી રહ્યાં હતાં.~~

ત્યારબાદ આજના બી.એ.પી.એસ. સંસ્થાના આદિ તીર્થ બોચાસણના મહંત પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ મંગલ પ્રવચન કરીને આજના પ્રસંગે સૌને પ્રેરક વચનો કહ્યાં.

યુવાશક્તિનો જયજયકાર કરતા આજના આ વિશિષ્ટ સમારોહમાં કાર્યક્રમના ઉદ્‌ઘાટક તરીકે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પધાર્યા હતા. મંચ પર પ્રવેશતાં જ વિશાળ સ્ટેડિયમમાં ૬૦,૦૦૦ યુવક-યુવતીઓને નિહાળીને તેઓ એક વિશિષ્ટ આનંદ અને અસ્મિતાની અનુભૂતિ કરી રહ્યા હતા. સ્ટેડિયમના વિશાળ સભાગારમાં એક સાથે આટલી મોટી સંખ્યામાં ચારિત્ર્યવાન, નિર્વ્યસની અને આધ્યાત્મિક રંગે રંગાયેલા યુવાનોને નિશ્ચિત ગણવેશમાં સજ્જ જોઈને કોઈ પણ વ્યક્તિ પ્રભાવિત થયા સિવાય રહી ન શકે એવો અદ્‌ભુત માહોલ જામ્યો હતો. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય પ્રભાવથી પ્રાચીન ભારતના નચિકેતા જેવા હજારો આધુનિક યુવાનોની આ અદ્‌ભુત સેના ખડી થઈ હતી !

કાર્યક્રમના મંગલ પ્રારંભમાં પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને શબ્દાંજલિ અર્પણ કરી ગુરુવર્યોનું સ્મરણ કરવામાં આવ્યું. પરમ પૂજ્ય સ્વામીશ્રી વતી ઉપસ્થિત રહેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના તમામ વરિષ્ઠ સંતવર્યો- પૂજ્ય મહંત સ્વામી, પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીને વધાવ્યા. આ પ્રસંગે ઉપસ્થિત મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌપ્રથમ આ યુવાશક્તિના ઊર્જાસ્રોત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પૂર્ણ કદની મૂર્તિને ભવ્ય પુષ્પહાર અર્પણ કર્યો અને પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં ચરણોમાં ભાવવંદના કરી. ત્યારબાદ પૂજ્ય મહંત સ્વામીએ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને પુષ્પહારથી વધાવ્યા. ત્યારબાદ પૂજ્ય મહંત સ્વામી અને મુખ્યમંત્રીશ્રીએ દીપ પ્રજ્વલન દ્વારા આજના કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો. તે સાથે જ નૃત્ય મંચ પર દીપકો સાથે કિશોર-યુવાવૃંદે *'વન્દે શ્રી પુરુષોત્તમ ચ પરમમ્...'* મંગલાચરણ સાથે દીપક નૃત્ય પ્રસ્તુત કર્યું. જાણે સૌના હૃદયમાં દીપજ્યોતિ દ્વારા અંધકાર દૂર થતો હોય તેવો અહેસાસ થવા લાગ્યો. આ 'દીપકનૃત્ય'ના અંતે કિશોર-યુવા વૃંદે નૃત્યમંચ પર 'બી.એ.પી.એસ.' આકૃતિ રચીને સૌને એક સંદેશ આપ્યો કે અસંખ્યના જીવનને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જવા માટે આ બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનો જન્મ થયો છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું, 'આપણે જેમના નિરંતર આશીર્વાદની અનુભૂતિ કરીએ છીએ, જેમને માટે પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ વચ્ચે કોઈ ભેદ નથી તેવા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં હું પ્રણામ કરું છું. સમગ્ર વિશ્વ આ દશ્યને નિહાળી રહ્યું છે. વિશ્વમાં

લોકો જ્યાં જ્યાંથી આ દશ્ય નિહાળી રહ્યા હશે તેમનામાં એક વિશ્વાસનો સંચાર થતો હશે કે આજના યુગમાં પણ આ ધરતી ઉપર એક આવી દિવ્ય શક્તિ વસી રહી છે. આજે એ દિવ્ય શક્તિનો સાક્ષાત્કાર થઈ રહ્યો છે. જેના લીધે વિશ્વ માનવ-કલ્યાણ માટે, માનવીય મૂલ્યો માટે એક આશાની અનુભૂતિ કરતું હશે. આપણા સૌ માટે ગર્વની વાત છે કે આવી દિવ્ય ઘટના ગુજરાતની ધરતી ઉપર બની રહી છે.' એમ કહીને તેઓએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિશ્વભરમાં વિકસી રહેલી વિરાટ ચારિત્ર્યનિષ્ઠ યુવાશક્તિને ગૌરવપૂર્વક બિરદાવી હતી.

ત્યારબાદ પૂજ્ય મહંત સ્વામી અને માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બી.એ.પી.એસ.નો વિશાળ ધ્વજ લહેરાવી બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિ દર્શનયાત્રાનો મંગલ પ્રારંભ કરાવ્યો. તેમણે ધ્વજ લહેરાવ્યો તે સાથે જ ઉપમંચ પર ધ્વજધારી યુવાનોએ કૂચ કરી અને એક સાથે ૧૪૦ નવયુવાનો બાઈક પર જ્યોત લઈને સ્ટેડિયમની ગોળાઈમાં ઘૂમવા લાગ્યા.

વિશ્વના ખૂણે ખૂણે ફેલાયેલી બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનું આસ્વાદન ગુજરાતના વિવિધ પ્રાંતોમાંથી તથા ભારતનાં વિવિધ રાજ્યોમાંથી અને વિશ્વના ખૂણે ખૂણેથી પધારેલા યુવકોના પ્રતિનિધિ યુવકોએ પોતાના પ્રદેશો-પ્રાંતોની વિવિધતાઓ-વિશેષતાઓનું દર્શન નૃત્યના માધ્યમથી કરાવ્યું હતું.

*'જય હો, જય હો, જય જય હો, યુવાશક્તિ કી જય હો...*
*મનાયેં હમ, ષષ્ટિપૂર્તિ મહોત્સવમ્...'*

ગીત ગુંજી ઊઠ્યું. નૃત્યમંચ પર યુવાનો હાથમાં ધ્વજ લઈને આવી પહોંચ્યા અને શરૂ થઈ યુવાપ્રવૃત્તિની અભિનવ દર્શન યાત્રા. સ્ટેડિયમમાં ઉપસ્થિત યુવાનો પણ હર્ષભેર ધ્વજ લહેરાવી રહ્યા હતા. *'અમે સૌ યુવા, સ્વામીના શૂરા...'* શબ્દો સાથે ૧૪૦ યુવાનો બાઈક ઉપર મશાલ લઈને નીકળ્યા ત્યારે સૌએ તાલીઓના ગડગડાટ સાથે તેમને વધાવ્યા. આ બાઈક યાત્રાએ સૌને મંત્રમુગ્ધ કરી દીધા.

ત્યારબાદ ભારત અને ગુજરાતના જુદા જુદા પ્રાંતોના બી.એ.પી.એસ. યુવાવૃંદ મંચ પર એક પછી એક ક્રમે આવતાં રહ્યાં અને ભાતીગળ પ્રાંતીય નૃત્યો દ્વારા અદ્‌ભુત પ્રસ્તુતિ કરતાં રહ્યાં. મંચ પરની આ પ્રસ્તુતિની સાથે સાથે, ~~સ્ટેડિયમના વિશાળ વૃત્તાકાર~~ મેદાનમાં પણ આંતરરાષ્ટ્રીય યુવાપ્રવૃત્તિ ષષ્ટિપૂર્તિ મહોત્સવનાં વિશાળ બેનર અને રાષ્ટ્રધ્વજ સાથે યુવકોની દર્શન-યાત્રા પણ શરૂ થઈ, જેમાં જુદા જુદા પ્રાંતોનાં યુવાવૃંદ અદ્‌ભુત નૃત્યો સાથે સાંસ્કૃતિક અસ્મિતાનું દર્શન કરાવી રહ્યાં હતાં. મંચ પર અને મેદાનમાં ઘૂમી રહેલાં તમામ યુવાવૃંદોની રંગબેરંગી વેશભૂષા પણ ખૂબ આકર્ષક હતી, તો ગીત-સંગીતના તાલે તેમની પ્રસ્તુતિ એથીય વધુ પ્રભાવક લાગતી હતી.

મંચ પર આ યુવાપ્રવૃત્તિ દર્શનયાત્રામાં સૌપ્રથમ મધ્ય ગુજરાતના આણંદ અને વિદ્યાનગરના યુવકોએ હરિકૃષ્ણ મહારાજને પાલખીમાં વિરાજમાન કરી ઢોલ, શરણાઈ સાથે *'રેલે શરણાઈના સૂર કે હૈયું હવે હાથ ન રહે...'* કીર્તનને આધારે નૃત્ય રજૂ કર્યું. આ અવસરને વધાવતું એક વધુ નૃત્ય મધ્ય ગુજરાતના મનજીપુરાના યુવકોએ શરણાઈ સાથે પ્રસ્તુત કરીને દક્ષિણ ભારતીય 'ભરત નાટયમ્' નૃત્ય શૈલીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણોમાં મંગલ વંદના કરી. રજૂકર્તા હતું - રાયસણનું બી.એ.પી.એસ. છાત્રવૃંદ. ત્યારબાદ મહારાષ્ટ્રના પ્રાદેશિક ગણેશનૃત્યને લઈને આવ્યું - ધુલિયા(મહારાષ્ટ્ર) બી.એ.પી.એસ. યુવાવૃંદ. રાજસ્થાનના યુવકોએ રાજસ્થાનનું પ્રખ્યાત લાઠી નૃત્ય પ્રસ્તુત કર્યું. જયપુર અને શિરોહીના આ યુવકવૃંદની સાથે સાથે રાજસ્થાનનું એક વધુ નૃત્ય 'મંજીરાં નૃત્ય' પણ પ્રસ્તુત કર્યું - નડિયાદના બી.એ.પી.એસ. યુવાવૃંદે.

ત્યારબાદ *'દરિયામાં ચાલી હોડી...'* ગીત સાથે મંચ પર નૌકાનૃત્ય લઈને આવ્યું દક્ષિણ ગુજરાતના સાગરકાંઠા- (તીથલ)નું યુવાવૃંદ. ત્યારબાદ સૌરાષ્ટ્રનો પ્રખ્યાત રાસ રજૂ કર્યો ગોંડલ યુવા મંડળે. એક તરફ સૌરાષ્ટ્રના રાસની રમઝટ હતી તો એ પૂર્ણ થયા પછી તરત જ પંજાબ અને દિલ્હીના બી.એ.પી.એસ. યુવાવૃંદે ભાંગડા નૃત્યથી વાતાવરણ ગુંજાવી દીધું. ત્યારબાદ *'સુખદં શુભદં વરદં યશદં ભારત માતરમ્...'* પંક્તિઓ સાથે રાષ્ટ્રભક્તિ અદા કરી - અડાસના યુવાવૃંદે.

ત્યારબાદ પૂર્વ અને દક્ષિણ આફ્રિકાનું પ્રતિનિધિત્વ કરતું આફ્રિકન નૃત્ય લઈને આવ્યું દારેસલામ-ટાન્ઝાનિયાનું યુવાવૃંદ.

*'હમ એક હૈં, એક્તા હૈ શક્તિ હમારી...'* - ભરૂચના યુવાવૃંદ દ્વારા પ્રસ્તુત આ 'એકતા નૃત્ય'ની પંક્તિઓ ગુંજાવતાં આફ્રિકા, યુરોપ, અમેરિકા, એશિયા-પેસિફિક - પાંચેય ખંડોમાં બી.એ.પી.એસ.નાં યુવકમંડળોના પ્રતિનિધિઓ પોતપોતાના દેશના ધ્વજ સાથે મંચ પર આવ્યા. બી.એ.પી.એસ.ની એક અદ્‌ભુત આંતરરાષ્ટ્રીય આભા સૌને પ્રભાવિત કરી ગઈ.

અંતમાં, *'અક્ષરપુરુષોત્તમના ડંકા દિગંતમાં સંભળાય છે...'* પંક્તિઓ સાથે બી.એ.પી.એસ. છાત્રાલયોના યુવકોએ સમગ્ર વાતાવરણમાં અક્ષર-પુરુષોત્તમનો જયજયકાર કરી દીધો અને તાલીઓના નાદથી સૌ યુવાનોએ સમગ્ર વાતાવરણ ગુંજાવી મૂક્યું.

~~એક તરફ મંચ પર~~ આ પ્રસ્તુતિ ચાલી રહી હતી, તો બીજી તરફ સ્ટેડિયમમાં વર્તુળાકાર યુવાપ્રવૃત્તિ દર્શનયાત્રા સૌને પ્રભાવિત કરતી કૂચ કરી રહી હતી. આ યુવાપ્રવૃત્તિ દર્શન-યાત્રામાં, બી.એ.પી.એસ. યુવકમંડળોનાં આદિવાસી વૃંદોથી લઈને દુનિયાનાં અનેક મહાનગરોનાં યુવાવૃંદો વિવિધ પ્રકારના રથ અને રજૂઆતો સાથે, સૌના ઉત્સાહમાં ભરતી લાવી રહ્યાં હતાં.

મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી પણ આ યુવાપ્રવૃત્તિ યાત્રા નિહાળી અત્યંત પ્રભાવિત થયા. વ્યસ્ત કાર્યક્રમોને લીધે મુખ્યમંત્રીશ્રી મંચ પરથી વિદાય લઈ રહ્યા હતા ત્યારે બી.એ.પી.એસ. સંસ્થા વતી પૂજ્ય ડૉક્ટર સ્વામીએ શાલ ઓઢાડીને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્મૃતિભેટ અર્પણ કરી તેમને વિશેષ શુભકામનાઓ પાઠવી.

આ અવસર હતો યુવાનોનો, યુવાનોના ઘડતરનો, યુવાનોના આદર્શની વધામણીનો. એટલે જ કાર્યક્રમનો દોર પુનઃ આગળ ધપ્યો - યુવાનોના આદર્શ શ્રી નીલકંઠની સ્તુતિથી. ભગવાન શ્રી સ્વામિનારાયણના તરુણ સ્વરૂપ નીલકંઠવર્ણીની સ્તુતિ સાથે સ્મૃતિઓ કરાવવામાં આવી. શ્રી નીલકંઠવર્ણીના જીવનમાં રહેલા સેવા-ભાવના, તપશ્ચર્યા, બ્રહ્મચર્ય, નિર્ભયતા, ધૈર્ય, શીલ અને વિનમ્રતા આદિક દિવ્ય ગુણોનું દર્શન વીડિયોના માધ્યમથી કરાવવામાં આવ્યું. પશ્ચાદ્‌ભૂમાં શ્લોક ગવાઈ રહ્યો હતો -

'युवाऽदर्शरूपं युवासेवनीयं, तपोवत्सलं निर्भयं ब्रह्मचारिन् ।
सुधीरं सुशीलं सदा नम्ररूपं, हरे नीलकंठं नमामि-इष्टदेवम् ॥
हरे स्वामिनारायणं नौमि नित्यम् ॥'

શ્રી નીલકંઠવર્ણીના જીવનમાં રહેલા આ સદ્‌ગુણોનું સ્મરણ કરતાં કરતાં ૬૦ યુવાનો મંચ પર વંદનાનૃત્ય કરી રહ્યા હતા અને સાથે સાથે મંચ સામે બેઠેલો

વિરાટ યુવા-સમુદાય પણ શ્રી નીલકંઠવર્ણીને વંદન કરી રહ્યો હતો.

શ્રી નીલકંઠવર્ણીના આદર્શોને કેન્દ્રમાં રાખીને છેલ્લાં ૬૦ ૬૦ વર્ષોથી લાખો યુવાનોના જીવનમાં આધ્યાત્મિક અને નૈતિક અજવાળાં પૂરનાર બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના આદિ સભ્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ વક્તવ્ય દ્વારા યુવાપ્રવૃત્તિની ૬૦ વર્ષની યાત્રાની ઝલક આપી. સન ૧૯૫૨માં યોગીજી મહારાજે સ્થાપેલી બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિનો આરંભ અને આજ સુધી તેને નિહાળનારા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ યોગીજી મહારાજના અપાર પુરુષાર્થની અનુભૂતિ કરાવીને જણાવ્યું કે, 'આજથી બરાબર ૬૦ વર્ષ પહેલાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની આજ્ઞાથી મુંબઈમાં ફક્ત ૬ યુવાનોથી યુવક મંડળની શરૂઆત થઈ હતી. એ યોગીજી મહારાજનો સંકલ્પ કેટલો પ્રબળ હશે કે આજે ૬૦ વર્ષ પછી, એ ૬ યુવાનોને બદલે, આ મહોત્સવમાં ૬૦ હજાર યુવાઓ પ્રત્યક્ષ ભાગ લઈ રહ્યા છે. યોગીજી મહારાજનો મહાન સંકલ્પ હતો કે આખા વિશ્વના યુવાનોમાં સંસ્કારની જાગૃતિ આવે, આખા વિશ્વના યુવાનો સત્સંગી બને, આખા વિશ્વના યુવાનો પોતાનું જીવન ઉજ્જ્વળ કરે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી આ યુવાપ્રવૃત્તિનો જે વિકાસ થયો છે તે જોતાં, અને આજનો આ દિવ્ય ભવ્ય સમારોહ જોઈને વિશ્વાસ દૃઢ થાય છે કે એમના એ સંકલ્પની ભવિષ્યમાં ચોક્કસ પૂર્તિ થશે.'

આ પ્રવચન માણ્યા બાદ, બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના આર્ષદ્રષ્ટા સ્થાપક બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને યુવાનોની અદ્ભુત વીડિયો-પ્રસ્તુતિ સૌએ વિશાળ સ્ક્રીન પર માણી. યોગીજી મહારાજ પોતાની સ્નેહલ વર્ષાથી યુવાનોમાં સંયમ, નિયમ, સેવા, સત્સંગ, શિક્ષણ, સંસ્કારો આદિક ગુણોનું સિંચન કરાવતા તેની સ્મૃતિ સૌને ભાવવિભોર કરી દે તેવી હતી.

સૌ ભાવમય બનીને એક પછી એક નવાં સોપાનો ચઢી રહ્યા હતા. હવેનું સોપાન સમગ્ર બી.એ.પી.એસ. યુવાપ્રવૃત્તિના હાર્દસમાં છ મૂલ્યોનું દર્શન કરાવવાનું હતું. આ છ મૂલ્યોની પ્રસ્તુતિના સંચાલનનો દોર યુવા-પ્રવક્તા આશિષ ચોંડાગર અને પવન આદેસરાએ સંભાળ્યો.

ક્રમે ક્રમે એક પછી એક મૂલ્યની સમજ અપાતી ગઈ અને તેની વિશિષ્ટ સંગીતમય મંચપ્રસ્તુતિ સાથે, જે તે મૂલ્યને અનુરૂપ પ્રવચન, સંવાદ કે પ્રસંગ-વર્ણન દ્વારા તેની વધુ છણાવટ થતી રહી.